Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

शान्तिः स्वान्तप्ररूढा भवति भवततिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोह्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाभ्भः
आत्मानन्दप्रकाशो यदि भवति नृणां भावभृद्–हृद्विकाशः ॥

पुस्तक १२. } वीर संवत् २४४१ माघ. आत्म सं. १९. { अंक ७ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा. भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ. ... ... ... | ૧૬૫ | ૬ | જીવદયા સંબંધી સૂચના ... | ૧૮૯ |
| ૨ | વિદ્યાર્થી જીવન કેવું હોવું જોઇએ? | ૧૬૬ | ૭ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થમાં ધર્મશાળાની જરૂર ... ... | ૧૮૯ |
| ૩ | પન્યાસજી શ્રીમદ્દાનવિજયજી મહારાજનું ધર્મ સંબંધી ભાષણ... | ૧૭૪ | ૮ | મુનિમહારાજાઓને વિનંતિ... | ૧૯૦ |
| ૪ | અહિંસા યાને દયાધર્મ ... ... | ૧૮૪ | ૯ | વર્તમાન સમાચાર ... ... | ૧૯૧ |
| ૫ | અઢાર પાપસ્થાનક ચાલુ... ... | ૧૮૮ | ૧૦ | શ્રી જૈન શ્વેતામ્બર કોનફરન્સનું નવમું અધિવેશન ... ... | ૧૯૨ |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને નીચે જણાવેલા ગ્રંથો ધારા મુજબ ભેટ આપવા માટે મુકરર થયા છે.

૧ શ્રી જૈન ગ્રંથ ગાઇડ ( જૈન માર્ગ દર્શક ભોમીયો )
૨ શ્રી જંબુચરિત્ર ( ભાષાંતર )
૩ આત્મવિલાસ સ્તવનાવળી. ( જેમાં શ્રીમદ્ વિજયાનંદસૂરિકૃત ચોવીશી, ભાવના સ્તવનો તથા ઉપાધ્યાયજી મહારાજ શ્રી વિરવિજયજી કૃત વિવિધ સ્તવનો. )
૪ શ્રી ભકિત ભાવના પ્રકાશ.
૫ શ્રી નવાણું પ્રકારી પૂજા વિસ્તારથી અર્થ સહિત.
૬ બારવ્રત આદરવાની સંક્ષિપ્તટીપ.
૭ શ્રાદ્ધગુણ વિવરણમૂળ. ૮ ધર્મરત્ન લઘુ ટીકા.
૯ પંચ સૂત્ર સટીક ૧૦ ચંપકમાળા કથા. „
૧૧ અલ્પબહુત્વ વિચાર ગર્ભિત મહાવીર સ્તવઃ
૧૨ સમ્યકત્વ કૌમુદિ.
૧૩ સુદર્શના ચરિત્ર ( માગધી ઉપરથી સંસ્કૃતમાં અનુવાદ )
૧૪ શ્રી રોહિણી અશોકચંદ્રની કથા. ( મૂળ ) ૧૫ આચારોપદેશ ( મૂળ )

નંબર ૭ થી ૧૫ સુધીના સંસ્કૃત મૂળગ્રંથો હોવાથી તેના ખપી જૈન બંધુ ભાગ્યેજ હોવાથી પ્રથમ મુજબ આ સભાના લાઇફ મેમ્બરો જે મંગાવશે, તેને મોકલવામાં આવશે. કારણ કે તેવા મૂળ ગ્રંથો બહોળા પ્રમાણમાં તેના અભ્યાસી મુનિ મહારાજા વગેરેને તેમજ જ્ઞાન ભંડારોને સભાની જેમ તેઓની વતી ભેટ અપાયે જાય છે તેમ આ નં. ૭ થી ૧૫ સુધીના મૂળ ગ્રંથો તેમની વતી અપાશે, અને બાકીના મૂલ સંસ્કૃત સિવાયના તમામ ગ્રંથો લાઇફ મેમ્બરોને પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી આવતા માહા વદી ૫ થી મોકલવાનું શરૂ કરવામાં આવેલ છે, જેથી અમારા માનવંતા મેમ્બરો સ્વીકારી લેશે. જેઓ સાહેબને ન મળ્યા હોય તેઓએ અમને સત્વર લખી જણાવવું.

## આ સભા તરફથી હાલમાં નવા છપાયેલા ગ્રંથો.

| | | |
|---|---|---|
| ૧ જૈન ગ્રંથ ગાઇડ. (જૈન માર્ગદર્શક ભોમીયો) | | રૂા. ૧-૦-૦ |
| ૨ શ્રી જંબુસ્વામી ચરિત્ર. (ભાષાંતર) | | „ ૦-૮-૦ |
| ૩ શ્રાદ્ધગુણ વિવરણ. | (સંસ્કૃત) | „ ૦-૧૦-૦ |
| ૪ ધર્મરત્ન લઘુ ટીકા. | „ | „ ૦-૧૨-૦ |
| ૫ સમ્યકત્વ કૌમુદિ. | „ | „ ૦-૧૦-૦ |
| ૬ પંચસૂત્ર સટીક. | „ | „ ૦-૬-૦ |
| ૭ ચંપકમાલા કથા. | „ | „ ૦-૬-૦ |
| ૮ અલ્પબહુત્વ વિચાર. | „ | „ ૦-૨-૦ |
| ૯ સુદર્શના ચરિત્ર. | „ | „ ૦-૩-૦ |
| ૧૦ આચારોપદેશ. | „ | „ ૦-૩-૦ |
| ૧૧ રોહિણી અશોકચંદ્ર કથા. | „ | „ ૦-૨-૦ |
| ૧૨ શ્રી નવાણું પ્રકારી પૂજા વિસ્તારથી અર્થ સહિત | | ૦-૮-૦ |

માત્ર સંસ્કૃત ગ્રંથો જ જ્ઞાનભંડાર અને તેના અભ્યાસી મુનિ મહારાજાઓને તેઓના વિદ્યમાન ( હૈયાત ) વડિલ મુનિરાજોની લેખીત આજ્ઞાથી પોસ્ટેજ પૂરતા પૈસાનું ( શ્રાવકના નામનું વી. પી. કરી મોકલવામાં આવે છે. બીજાઓને ઉપરની કિંમતથી મોકલવામાં આવશે. પોસ્ટેજ જુદું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकेदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय--
पदार्थ परिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १२ ] वीर संवत २४४१, माह. आत्म संवत् १९. [ अंक ७ मो.

## પ્રભુ સ્તુતિ.

### શાર્દૂલ વિક્રીડિત.

ગોશાળે અતિ ગર્વ અંતર[1] ધરી ઈર્ષ્યાળુ[2] રાખી મતિ,
રાખી દ્વેષ ઉપદ્રવો[3] બહુ કરી પીડયા પ્રભુને અતિ;
તોયે જે કરૂણા[4] નિધિ મન ધરે શી પામશે તે ગતિ,
તે શ્રીવીર તણા સદા ચરણમાં રહેજો અમારિ મતિ.

૧ હૃદયમાં. ૨ ઈર્ષ્યા વાળી. ૩ વિઘ્નો. ૪ દયાના ભંડાર. ૫ ' તે ગોશાળા બીચારાની શી ગતિ થશે.' એવો દયા ભરેલો વિચાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિદ્યાર્થીજીવન કેવું હોવું જોઇએ.

અને

## તેને હિતકર માર્ગ સૂચક શું છે ?

( ગતાંક પૃષ્ટ ૧૪૭ થી શરૂ. )

માનસિક કેળવણી માટે ચીન દેશના એક વિદ્યાર્થીનો દાખલો ખાસ જાણવા જેવો છે.

" ચીનમાં એક અતિશયગરિબ વિદ્યાર્થી હતો. રાત્રે વાંચવાને દિવો કરવા તેલ પણ ત્હેને મળતું નહિ તેથી પુષ્કળ પતંગીઆં એકઠાં કરી એક કાચની શીશીમાં ભરી તેને ચોપડી ઉપર મૂકતો અને ત્હેના પ્રકાશથી તે વાંચતો કોઇએ ત્હેને પૂછયું કે આટલી બધી મહેનત શામાટે કરે છે ચીન દેશનો વજીર થવાનો છે કે શું ? છોકરે જવાબ આપ્યો સામર્થ્ય અને જ્ઞાનનો સ્વામી મનુષ્ય છે. મનુષ્ય ધારે તે કરી શકે એ કાયદો જો ખરો હશે તો એક દિવસ હું ચીનનો વજીર પણ બનીશ.

ચીન દેશનો ઇતિહાસ વાંચો ! એક દિવસ એવો આવ્યો કે એજ છોકરો ચીનના મહારાજ્યનો પ્રધાન બન્યો." એવા એક બે નહિ પણ લક્ષ્યાવધિ મનુષ્યોના ઉદાહરણો છે કે જેમણે પૂર્વાવસ્થા ઘર ઘર ભીખ માગીને વિતાડી હતી પરંતુ દ્દઢ સાહસ અને મહત્ત્વાકાંક્ષાના લીધે ઉત્તરાવસ્થામાં મહાન પદ પ્રાપ્ત કર્યું હતું. ઉર્દૂમાં એક કહેવત છે કેઃ—

**यह कौनसा उकदा है जो वो हो नहीं सकता,**
**हिम्मत करे इन्सान तो क्या वो हो नहीं सकता ?**

અર્થાત્ તે કઇ ગાંઠ છે કે જે છુટી નહિ શકે, મનુષ્ય જો હિમ્મત કરે તો તે કયું કાર્ય છે કે જે તેનાથી નહિ થઇ શકે ? માટે ઉત્સાહ અને અભિલાષા મહાન રાખો.

પૂર્વ પુણ્યના યોગથી ત્હમને સંયોગો અનુકૂળ મળ્યા છે. ત્હમારી સ્થિતિ સારી છે. ત્હમને સ્હાય કરનારા છે, ઉત્સાહ આપનારા છે અને યોગ્ય સલાહ દેનારા છે. પરંતુ દુનિયામાં એવા પણ સંખ્યાબંધ મનુષ્યો છે કે, જેમણે કેવળ આપ્ બળથી જ ઉચ્ચ વિદ્યા પ્રાપ્ત કરી છે અને કરે છે. હિન્દુસ્થાનના અનેક વિદ્યાર્થીઓ આજે યુરોપ અને અમેરીકામાં વિદ્યાભ્યાસ અને હુન્નર કળા શીખી રહ્યા છે કે જેમને કોઇ પણ મદદ કરનાર નથી. પહેરવા માટે કપડાં, ખાવા માટે અન્ન, રહેવા માટે મકાન અને ભણવા માટે પુસ્તકો તથા ફી પણ આપનારો કોઇ નથી. તેઓ ફકત જાત મહેનતથી ઠેઠ ત્યહાં સુધી પહોંચ્યા છે અને અભ્યાસ કરે છે. વર્ષમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છ મહિના નોકરી અથવા મજુરી કરી સાલ ભરનું ખર્ચ પેદા કરે છે અને છ મહિના કોલેજોમાં અભ્યાસ કરે છે. તથા કેટલાકો દિવસે નોકરી યા મજુરી કરી પૈસા મેળવે અને રાત્રે સ્કૂલોમાં અભ્યાસ કરે છે. નોકરી અને મજુરી પણ જેવી તેવી નથી મળતી પરંતુ બહુ કષ્ટપ્રદ મળે છે. યા તો રેલની સડકો ઉપર કાંકરી ન્હાંખવાનું કામ કરવું પડે છે, યા ખેતરોમાં મજુરી કરવી પડે છે. અથવા મિલ કે જીનમાં રૂની ગાંસડીઓ ઉઠાવવી પડે છે. મતલબ કે આવાજ પ્રકારની કષ્ટકારી મહેનત કરી પોતાનો ગુજરાન ચલાવવું પડે છે અને અભ્યાસ કરવો પડે છે. વિચારો, ત્હમારી અને ત્હેમની દશામાં કેટલો અંતર છે ! છતાં ત્હેમની વિદ્યાભિરૂચી કેટલી બધી તીવ્ર છે ? ત્હેમનો ઉત્સાહ કેવો પ્રબળ છે ? જેવી અભિલાષા અને જેવો ઉત્સાહ હોય છે ફળ પણ ત્હેમને ત્હેવું જ મળે છે. થોડા જ સમય પછી કોઇ ઉંચા હોદ્દા ઉપર ચઢે છે અને મ્હોટા પગારો મેળવે છે. કેટલાક એમાંના પોતાના દેશ બંધુઓના ઉદ્ધાર તરફ લક્ષ્ય આપે છે અને આખી જીંદગી નિષ્કામ સમાજને અર્પણ કરી પોતાની તથા પરની ઉન્નતિ સાધે છે. ત્હમને આટલી ઉત્તમ સગવડો મળ્યાં છતાં પણ ઉત્સાહ અને ઉદ્યમની મંદતાના લીધે ત્હમે સારૂં ફળ મેળવી શકતા નથી અને આખી જીંદગી આમની આમ સામાન્યપણે વિતાડવી પડે છે.

હું અહિંયા ત્હમને એક એવા પુરૂષ–પરોપકારી નરનું ઉદાહરણ આપીશ કે જેણે અત્યંત નિષ્કૃષ્ટ દશામાંથી પણ ઉત્સાહ અને ઉદ્યમ વડે ઉન્નતિના શિખર ઉપર ચ્હડી સમગ્ર સંસારમાં આજે એક અદ્વિતીય પરોપકારી અને પરમાર્થી પુરૂષ ગણાય છે. એ મહા પુરૂષ આજે વિદ્યમાન છે. એનું પવિત્ર નામ બુકર ટી વાશિંગટન છે.

અમેરીકાની અંદર હબશી નામની એક અસભ્ય અને ગુલામ જાતિ છે. સત્તરમી શતાબ્દીમાં એમના મૂળ દેશ આફ્રિકામાંથી એ લોકોને પકડી પકડી અમેરીકામાં વેચવામાં આવ્યા હતા. એમ. બી. સ્ટો નામની એક વિદુષી એક પુસ્તકમાં લખે છે કે—

" આ ગુલામોને આખો દિવસ સખ્ત તાપમાં કામ કરવું પડતું હતું. કામમાં કોઇ પ્રકારની ભૂલ થઈ ગઇ હોય તો, ત્હેમનો ઉપરી, કોરડા વડે સખ્ત રીતે પ્રહાર કરતો હતો એટલે સુધી કે તે બીચારા ગુલામોના શરીરમાંથી લોહીની ધારા છૂટતી હતી."

રાત્રિમાં ત્હેમને પેટ ભરી ખાવા પૂરતું અન્ન પણ નહોતું મળતું. એક ન્હાની સરખી ઝુંપડીમાં બકરાંઓની માફક ત્હેમને પૂરી દેવામાં આવતા હતા." ઇત્યાદિ અનેક કષ્ટોમાં તે બિચારા પોતાનું નિઃકષ્ટ જીવન પુરૂં કરતા હતા. એજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતિમાં ઉપરોક્ત બુકરટી વાશિંગ્ટનનો જન્મ થયો હતો. બાલ્યાવસ્થા, એ છોકરાએ પણ એવી જ રંક અને કરૂણાજનક હાલતમાં વિતાડી. થોડા સમય પછી અમેરીકાના કેટલાક પરોપકારી રાજ્યાધિકારી પુરૂષોએ ગુલામોની આવી અત્યંત ત્રાસજનક સ્થિતિ જોઇ, ત્હેમને બંધનમુક્ત કરવા માટે કાયદો ઘડયો અને તદનુસાર બધા ગુલામોને પ્રાણનાશક પાસમાંથી છોડી મુકવામાં આવ્યા. આ વખતે બુકરની અવસ્થા ત્રણ ચાર વર્ષની હતી. સ્વતંત્ર થયા બાદ ત્હેના માતા પિતા પોતાના ન્હાના ન્હાના છોકરાઓને લઇ માલ્ડન નામના ગામમાં મીઠાની ખાણોમાં મજૂરી કરવા માટે ગયા. ત્યાં આખો દિવસ બુકરને પણ મીઠાની ખાણમાં પહેલાં કામ કરવું પડતું હતું. બુકર એક વખતે ત્હેના માલિકની છોકરીને નિશાળે મૂકવા ગયો, ત્યાં ત્હેણે નિશાળમાં ઘણાં છોકરા અને છોકરીઓને ભણતા બહારથી જોયાં. એ જોઇ એના મનમાં પણ આવી રીતે નિશાળમાં જઈ અભ્યાસ કરવાની ઉત્કંઠા થઇ, પરન્તુ પોતાના પિતાનો વિચાર કેવળ પૈસા કમાવી કુટુંબ નિર્વાહ કરવા તરફ જ હતો તેથી તે બિચારાને ભણવાની અનુકૂળતા નહિ થઇ. થોડા સમય પછી તે ગામની પાસે જ હબસીઓના છોકરાઓ માટે એક ન્હાની સરખી નિશાળ ખોલવામાં આવી. તેમાં પોતાની જાતિના છોકરાઓને અભ્યાસ કરવા જતા જોઇ બુકરની ઇચ્છા પણ ભણવા માટે વિશેષ પ્રબળ થઈ. પિતાના વિરોધને લીધે કામ છોડી તે પાઠશાળામાં નહોતો જઇ શકતો. તેથી મજુરી કર્યા બાદ જે સમય મળતો ત્હેમાં તે વિદ્યાભ્યાસ કરતો. એના પછી તે રાતના વખતે પાઠશાળામાં જઇ અભ્યાસ કરવા લાગ્યો. આને માટે તેને રાતના ત્રણ ત્રણ ચાર ચાર માઇલ પગે ચાલવું પડતું હતું. તે પોતાના આત્મ ચરિતમાં લખે છે કે—"જો કે મ્હને આ મુશ્કેલીઓથી ઘણી વખતે નિરાશા ઉત્પન્ન થતી હતી પરન્તુ મ્હેં વિદ્યા પ્રાપ્તિના માટે પૂર્ણ નિશ્ચય કરી લીધો હતો." એ નિશ્ચય અનુસાર સન ૧૮૭૨ માં તે પોતાના ગામથી ઘણી દૂર એવી હૅમ્પ્ટન નામની નૉર્મલ સ્કુલમાં ભણવા માટે જવા તૈયાર થયો. તે વખતે તેની અવસ્થા ૧૩–૧૪ વર્ષની હતી, તેને એટલી પણ ખબર નહોતી કે, હૅમ્પ્ટન કેટલી દૂર છે. ત્યાં જવા માટે એક પૈસો પણ ત્હેની પાસે નહોતો. ઘરથી નિકળ્યા બાદ માલૂમ પડયું કે, તેના ગામથી હૅમ્પ્ટન ૫૦૦ માઇલ દૂર હતું, રસ્તાની અંદર તેને ઘણા ઘણા કષ્ટો સહન કરવા પડ્યા. જ્યારે તે કોઇ મ્હોટા શહેરમાં પહોંચતો ત્યારે થોડી ઘણી મજુરી કરી પેટને અન્ન આપતો. બબ્બે દિવસો સુધી ત્હેને ભૂખે મરવું પડતું. રાતના વખતે રેલના પાટાઓની એક બાજુએ સૂઇ રહેતો. આવી રીતે અનેક દુઃખો સહન કરતો તે હૅમ્પ્ટન પહોંચ્યો. ત્યાંની અધ્યાપિકાએ પ્રથમ ત્હેને સ્કુલનો કચરો કાઢવા માટે નોકર રાખ્યો અને ત્હેની પરિક્ષા કરી કે શારીરિક પરિશ્રમમાં આ છોકરો કેવો છે? જ્યારે તે પરીક્ષામાં મહેનતુ અને ઉદ્યોગી માલમ પડયો, ત્યારે તેને સ્કુલના સિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાઈ તરીકે નોકર રાખ્યો, અને તેના બદલામાં હેને અભ્યાસ વિગેરે કરાવવામાં આવતો. આવી રીતે તેણે પ્રબળ પરિશ્રમ દ્વારા થોડા જ સમયમાં સ્કુલના બધા અમલદારોની પ્રીતિ સંપાદન કરી અને ૪-૫ વર્ષમાં ત્યાં જ ગ્રેજ્યુએટ થયો ! પદવી દેતી વખતે સત્તાધિકારીઓએ તેનું નામ માનનીય (ઓનરેબલ) વિદ્યાર્થીઓમાં દાખલ કર્યું.

આવી રીતે મહા કષ્ટ વેઠી તેણે વિદ્યા મેળવી. હવે તેના મનમાં, આ વિદ્યાનો ઉપયોગ કેવળ પોતાના સ્વાર્થમાં જ પૂરો ન કરી, પોતાના જાતિ ભાઇઓને કાંઇ લાભ મળે, હેમનો કોઇ રીતે ઉદ્ધાર થાય, એવી પરોપકાર વૃત્તિથી, એક સ્વતંત્ર સ્કૂલ ખોલવા માટે હેનો વિચાર થયો. પરંતુ હેના માટે પુષ્કળ પૈસાની આવશ્યકતા હતી. તે કયાંથી મેળવવા ? એટલામાં, હેણે ૭૦૦ રૂપીયા ઉધાર લઇ, ટસ્કેજી નામના ગામમાં એક ખેતર ખરીદી લીધું, હેની અંદર બે ત્રણ ઝુંપડીઓ બાંધી; હેમાં પોતાના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવો શરૂ કર્યો. થોડા સમય પછી તે પોતાની જાતીની અંદર પાઠશાળા માટે ટીપ કરવા નિકળ્યો. અનેક રીતે લોકોને સ્હમઝાવી કેટલુંક દ્રવ્ય મેળવ્યું. હવે એ દ્રવ્યથી મકાન બનાવવાની કેટલીક સામગ્રી ભેગી કરી સ્કૂલની ઈમારત બનાવવી શરૂ કરી. કડીયા અને મજુરોના સ્થાન ઉપર પોતે તથા પોતાના વિદ્યાર્થીઓ નિયત થયા. ઇંટો પાડવાના કાર્યથી શરૂ થઇ પાઠશાળાની આખી મ્હોટી ઇમારત આવી રીતે તેણે પોતાના જ હાથે બાંધી !

ધીરે ધીરે એ સંસ્થાની ઉન્નતિ, દિન પ્રતિદિન અધિક થવા લાગી. બુકર ટી વાશિંગટન આખા અમેરીકા અને યુરોપમાં પ્રખ્યાત થયો. મ્હોટી મ્હોટી યુનિવર્સીટીઓ અને પરીષદો હેને પદવીઓ આપવા લાગી. મ્હોટા મ્હોટા વિદ્વાનો, લૉર્ડો, અને સત્તાધિકારીઓ હેનું ખૂબ આદર કરવા લાગ્યા અને પાર્ટીઓ આપવા મંડયા. પૂર્વે જે શહેરોના મહોલ્લાઓમાંથી તે ભીખ માગતો અને રૂદન કરતો પસાર થયો હતો, તે જ રસ્તાઓ ઉપરથી આજે હજારો મનુષ્યોના ગગન ભેદી હુરરે ના પોકારો વચ્ચે પસાર થવા લાગ્યો ! દુનિઆની બધી ભાષાઓમાં હેના મ્હોટા મ્હોટા અને જુદા જુદા જીવન ચરિત્રો છપાવા લાગ્યા ! જે ઠેકાણે ખેતરમાં ઝુંપડી બાંધી તે પોતાના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવો શરૂ કર્યો હતો તે ઠેકાણે આજે મ્હોટી મ્હોટી સેંકડો ઇમારતો અને બગીચાઓ બનેલા છે ! એકંદર તે ઠેકાણે આજ, ૧૦૬ તો ઇમારતો છે, ૨૩૫૦ એકર જમીન છે અને ૧૫૦૦ જાનવર છે. ખેતીવાડી સંબંધી ઓજારો, યંત્રો અને અન્ય સામાનની કિંમત ૩૮,૮૫,૬૩૯ રૂપીયા છે. વાર્ષિક આમદની ૯,૦૦,૦૦૦ (નવ લાખ) રૂપીયા છે. દર સાલ ૨,૪૦૦૦૦ (બે લાખ ૪૦ હજાર) રૂપીયા ખર્ચ થાય છે. એકંદર મળી આ સંસ્થાની કુલ જાયદાત એક કરોડ રૂપીયાની છે. ૧૮૦ શીક્ષકો અને ૧૬૪૫ વિદ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્થીઓ છે, જેમાં ૧૦૬૭ છોકરા તથા ૫૭૮ છોકરીઓ છે. ૧૦૦૦ એકર જમીનમાં કેવળ વિદ્યાર્થીઓથી જ વૈજ્ઞાનિક રીતિએ ખેતી કરવામાં આવે છે. માનસિક શિક્ષાની સાથે જુદી જુદી ૪૦ પ્રકારની શીક્ષાઓ આપવામાં આવે છે. આજ સુધી ૭૦૦૦ વિદ્યાર્થીઓએ સંસ્થામાં અભ્યાસોત્તીર્ણ થઈ દક્ષિણ અમેરીકામાં જુદા જુદા સ્વતંત્ર ધંધાઓ કરે છે. આ લોકો સ્વયં પોતાના પ્રયત્ન અને ઉદાહરણ વડે, પોતાના હજારો જાતિ ભાઇઓને આધિ, ભૌતિક અને આધ્યાત્મિક, ધર્મ અને નીતિ વિષયક શિક્ષા આપી રહ્યા છે. આખા અમેરીકામાંથી એ સંસ્થામાં શીખેલા શિક્ષકોની માંગણી આવે છે.

વિચારો, જે મનુષ્યનો જન્મ ગુલામ જેવી અત્યંત નિઃકૃષ્ટ જાતી અને પતિત કુળમાં થયો છે. જેને બાલ્યાવસ્થામાં ભૂખે મરી મરી અને વજન ઉપાડી ઉપાડી દિવસો કાઢવા પડતા હતા, તે જ આજે પોતાના આત્મ વિશ્વાસ અને આત્મબળના આધારે કેટલા ઉચ્ચ પદ પર ચ્હડયો છે ? તે પોતાનું માનવ–જીવન કેવી રીતે સફળ કરે છે ? એનું જ નામ આત્મોન્નતિ છે. એનું જ નામ પરોપકાર છે. જો ત્હમે સંસારના આદર્શ મનુષ્યોના જીવન ચરિત્રો જોશો તો એવા એક બે નહિં પરંતુ અનેક ઉદાહરણો મળશે કે જેમનાથી ત્હમને પણ ત્હમારા જીવન સંબંધી કર્ત્તવ્ય સમજાશે.

આ ઉપરથી સમજાયુ હશે કે ઉચ્ચ શિક્ષણ લીધા સિવાય મનુષ્યની ઉન્નતિ નથી.

ઉચ્ચ શિક્ષણ લેવા માટે કેવળ કોલેજોનું શરણ લેવું જોઇએ. ત્યાં ગયા વગર ઉંચું જ્ઞાન મળતું જ નથી એવું કાંઈ નથી. ઘણાં લેખકો, વક્તાઓ અને વિદ્વાનો એવા પણ થયા છે કે જેમણે કોઇપણ કોલેજ અથવા સ્કુલમાં કેળવણી લીધી નથી તેઓ ફક્ત વિશાળ વાંચન વડેજ પોતાના મસ્તિષ્કમાં જ્ઞાનભંડાર ભર્યો હતો. અનેક ગહન પુસ્તકો લખ્યા હતા, તમારી માતૃભાષાના સાહિત્ય વાંચનથી જ તમે તમારૂં આવશ્યકીય જ્ઞાન પ્રાપ્ત કરી શકો છો. ધર્મ, સાહિત્ય, ઇતિહાસ, ભૂગોળ અને નીતિ વિષયના અનેક ગ્રંથો અનેક રૂપમાં પ્રગટ થયેલા છે. અને થતા જાય છે. તેમના વાંચનને મનનવડે તમે પુષ્કળ લાભ મેળવી શકો છો. જ્યાંસુધી બહારનું સાહિત્ય તમે નહિ અવલોકશો ત્યાંસુધી તમને કશી પણ ખબર પડવાની નથી. તમારી વિચાર શક્તિ વિકસવાની નથી અને સમજશક્તિ સ્ફુરવાની નથી. વાંચનની વિશાળતાથી તમને ધર્મના તત્ત્વો સમજાશે, પદાર્થનું સ્વરૂપ જણાશે, અને પોતાના કર્ત્તવ્યનું ભાન થશે.

તમારો ઉદ્દેશ કેવળ ૧૦ થી ૨૦ રૂપીયાની નોકરીમાં જ પુરો નહિં થવો જોઇએ. કિંતુ જીવનને આદર્શ બનાવવામાં પૂર્ણ થવો જોઇએ. જો એવી નજીવી પરાધિનતા માટે જ તમે આ માર્ગ લીધો હોય તો તેમાં તચે સજ્જડ ભૂલ ખાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છો. એના કરતાં તો કોઈ હુન્નર બિગેરે શીખવામાં જોડાયા હોત તો અલ્પ સમયમાં, અલ્પ પરિશ્રમ વડેજ સારી સફળતા મેળવી શકત. આ કથનથી આમ નહિ સમજશો કે, તમે જે આ માર્ગ લીધો છે તે શ્રેષ્ઠ નથી. નહિ એ માર્ગ ઘણો જ ઉત્તમ અને પવિત્ર છે. એના જેવો ભાગ્યે જ બીજો કોઇ ઉત્તમ ઉપાય હશે. પરંતુ મારો કહેવાનો તાત્પર્ય એટલો જ છે કે, જે રસ્તો તમે લીધો છે તેને ફત્તેહમંદીથી અને બહાદુરીથી પાર કરો. એ માર્ગના યથેચ્છ લાભો મેળવો. કે જેથી તમારો ઉત્કર્ષ થાય. તમે જો સુશિક્ષિત અને ઉત્સાહી હશો તો તમારાથી જૈનધર્મની અને જૈન કોમની સારી સેવા બજાવી શકાશે. જે જે ઠેકાણે તમે જશો તે ઠેકાણેના જૈનોમાં નવું જીવન રેડી શકશો. ઉછરતા યુવકોને રહસ્ય પૂર્વક ધર્મતત્ત્વ સમજાવી તેમને ધર્મમાં દૃઢ કરી શકશો, ઠેકાણે ઠેકાણે નવી નવી ઉત્તેજક અને કાર્યકારક સભા, સોસાયટીઓ દ્વારા જૈન પ્રજામાં જાગૃતિ લાવી શકશો, કે જેની હાલ આપણને બહુ જ આવશ્યકતા છે.

થોડા જ સમયમાં સ્થાપન થયેલ આર્યસમાજ આજે આખા હીંદુસ્તાનમાં પૂરજોસથી ફેલાઇ રહી છે તેનું કારણ શું છે? બીજું કાંઇ નહીં, કેવળ તે સમાજના શિક્ષકો અને ઉપદેશકોની જે શિક્ષા અને ઉત્સાહ છે તેજ છે. જ્યાં જ્યાં તે સમાજના શિક્ષકો અને ઉપદેશકો જાય છે, ત્યાં ત્યાં તે સમાજના બીજો અવશ્ય રોપાય છે, અનેક નવશિક્ષિતો તે સમાજમાં સામેલ થાય છે. તે સમાજના શિક્ષકો અને ઉપદેશકો કેવળ અમુક પ્રકારના નાના સરખા પુસ્તકોનો જ અભ્યાસ કરી બહાર નથી પડતા, પરંતુ શિક્ષાના બધા વિષયોના અધ્યયન ઉપરાંત દુનિયાના જુદા જુદા ધર્મોનો પણ કેટલોક અભ્યાસ કરે છે. અને દરેક ઠેકાણે દરેક ધર્મવાળાઓની સાથે વાદવિવાદના મેદાનમાં ઉતરી પડે છે. મોટા મોટા બિદ્વાનો પણ નિષ્કામ ભાવે પોતાનો બધો વહેવાર છોડી ફક્ત ધર્મપ્રચાર સમાજોદ્ધારના કાર્યમાં જોડાય છે.

મધ્ય હિંદુસ્તાનમાં આપણા દિગંબર જૈન બંધુઓ પણ આવી પદ્ધતિથી ધર્મપ્રચાર અને સમાજોદ્ધાર કરવા તરફ લાગી રહેલા છે. ઘણે ઠેકાણે નવી નવી સભાઓ સ્થાપન કરી છે, કેટલાક ઉત્સાહી શિક્ષકો બિશાળ જ્ઞાન મેળવી દરેક ગામોમાં પ્રસંગોપાત ભાષણો વગેરે આપે છે. નવીન કેળવણી વાળાઓને નવીન પદ્ધતિથી શાસ્ત્રાભ્યાસ કરાવે છે. અને જૈન ધર્મના ગુઢ રહસ્યો અને મહત્ત્વો સમજાવી સ્વધર્માભિમાની બનાવે છે. જો કોઇ અન્યધર્મીઓ જૈનધર્મ ઉપર આક્ષેપ કરે છે, તો તુરત તેમને જવાબ આપી બોલતા બંધ કરે છે. બે વર્ષ ઉપર અજમેરની આર્યસમાજ સાથે ઇટાવાની જૈનતત્ત્વ પ્રકાશિની સભાનો વાદવિવાદ થયો હતો. અજમેરમાં આર્યસમાજનું બહુ જોર છે, ત્યાં ઘણા બિદ્વાનો તેમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે તથા આવે જાય છે. છતાં ઇટાવાના ઉત્સાહી જૈન યુવકોએ શાસ્ત્રાર્થમાં આર્યસમાજને નીચું દેખાડી આપ્યું હતું.

તે દીવસથી આર્ય સમાજ જૈનોની સાથે વાદવિવાદ કરવા ભૂલી ગઈ છે. આ બાબતમાં જૈન ધર્મનો જય કરવામાં કારણભૂત દીગંબર જૈન શિક્ષકોનું વિશાલ જ્ઞાન છે. તે શાસ્ત્રાર્થમાં એવા એવા નવીન તર્કો કરવામાં આવ્યા છે કે જો તે તર્કોનું જ્ઞાન, જવાબ આપનારાઓમાં ન હોત તો એક જ સવાલમાં ચૂપ થઇ જવું પડત. આ કહેવાનો મતલબ એટલો જ છે કે તમે પણ આવી રીતે વિશાળ જ્ઞાન પ્રાપ્ત કરી ધર્મની ઉન્નતિ અર્થે તૈયાર થાઓ. વિવિધ પ્રકારનું સાહીત્ય વાંચી જ્ઞાન શકિત અને વિચાર શકિત વધારો.

બંધુઓ ! આજનો વિષય ધારવા કરતાં બહુ જ લંબાણો છે અને તેના લીધે સમય પણ વિષેશ રોકવો પડયો છે. હવે હું આ મારા કથનને સમાપ્ત કરવા ચાહું છું; તેથી ઉપસંહાર રૂપે મ્હારે કહેવું જોઇએ કે આ કથનમાં મ્હેં કેટલાક તમને જે માર્ગ સૂચક શબ્દો કહ્યા છે તેમને લક્ષમાં રાખી, તે વિષયમાં મનન કરજો. તમારી વિદ્યાર્થી અવસ્થા બહુ અમૂલ્ય સમય રૂપ છે, એ પ્રારંભમાં કહેલ છે તેથી તે અમૂલ્ય સમયનો યથાર્થ લાભ મેળવવા તમારે શકિતભર પ્રયત્ન કરવો જોઇએ. મનુષ્ય જીવન તો જેમ તેમ કરી પૂર્ણ થશે જ પરંતુ યથાર્થ મનુષ્યત્વપણું તે જ પામ્યો કહેવાય છે કે જેણે તેનું સાર્થક કર્યું હોય છે. જે શારીરિક અને માનસિક કેળવણી લેવા માટે વિદ્યાર્થી અવસ્થા સર્જન થયેલી તે તેને પૂર્ણ રૂપમાં સાર્થક કરો. શારિરીક કેળવણી માટે જે નિયમો ઉપર પ્રદર્શિત કર્યા તે તેને અમલમાં મૂકી નિરોગી ઉત્સાહી અને સુંદર આકૃતિવાળા બનો. માનસીક કેળવણીમાં જે ધાર્મીક અને વ્યવહારીક જ્ઞાન સંબંધી કહેવામાં આવ્યું છે તે પર લક્ષ આપી તેને મેળવવાનો વિશેષ પ્રયત્ન કરો.

હું અન્તે ફરી કહું છું કે મનમાં દ્રઢ શ્રદ્ધા રાખી ઉન્નત થવાની મહત્વાકાંક્ષા સદા રાખો. જો તમારા વિચારો ઉચ્ચ હશે અને આત્મવિશ્વાસ હશે તો ભવિષ્યમાં અવશ્ય તમે ઉચ્ચ થશો यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी । એ સુંદર વાકયને હૃદય પટ્ટ ઉપર કોતરી રાખો.

કાર્યસિદ્ધિને માટે સ્વાવલંબન ઉત્સાહ અને વિચાર સ્વાતંત્ર્ય એ ત્રણે જ મૂખ્ય સાધનો છે જો તમારે ઉન્નત થવું હોય તો આ ત્રણ તત્વો ઉપર જ આધાર રાખો. સ્વાવલંબન તેનું નામ છે કે પોતાના કાર્યની જરૂરીયાતો પોતે જ પૂરી પાડો કોઇપણ બીજા ઉપર આધાર નહિ રાખો. બીજા ઉપર અવલંબીને જીવન વિતાડવું એ પાશવવૃતિ છે, માનવ વૃતિ નહિ, પશુઓ જ બીજાઓનું મોં તાકતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે. મનુષ્યો નહિ. પોતાના પગ ઉપર જ ઉભા રહેવા માટે મનુષ્ય સૃષ્ટિ સર્જન થયેલી છે તેને જે કાર્ય કરવાની શકિત અને વિચાર કરવાની શકિત કુદરત તરફથી બક્ષીસ કરવામાં આવી છે, તે ફકત સ્વાવલંબન સારૂજ સમજો. ઉન્નત પંથનો બીજો માર્ગ જે ઉત્સાહ છે, તેની પણ પૂર્ણ આવશ્યકતા છે. ઉત્સાહ હોય તોજ કોઇપણ કાર્યની સિદ્ધિ થઇ શકે છે. નિરૂત્સાહી મનુષ્ય સંસારમાં કેવલ ભારરૂપે જ છે. ઉર્દૂ ભાષામાં કહેવત છે કે **हिम्मते मर्दा, तो मदते खुदा।** અર્થાત્ મનુષ્યોમાં જો કાર્ય કરવાની હીમ્મત હશે તો, મદત–સહાય તો ઈશ્વર આપશે જ. તેથી દરેક કાર્ય ઉત્સાહ પૂર્વક કરો. ઉત્સાહની આગળ કાર્યસિદ્ધિ ઉભી જ છે. ત્રીજું સાધન વિચાર–સ્વાતંત્ર્ય છે. વિચાર–સ્વાતંત્ર્ય તેનું નામ છે કે, ત્હમારી દરેક આવશ્યકતાઓનો ત્હમે પોતે જ વિચાર કરો. અમને કોઈ રસ્તો બતાવશે ત્યહારે આહિંથી પગ ઉપાડીશું એમ ધારી ત્યહાંના ત્યહાંજ નહિ ઉભા રહો પરંતુ ત્હમારો અભીષ્ટ માર્ગ ત્હમે જાતે જ, આમ તેમ ફરી, ઉપર નીચે ચ્હઢી, તપાસી લો. જ્યહાંસુધી ત્હમારામાં વિચાર સ્વાતંત્ર્ય નહિં ઉત્પન્ન થાય ત્યાંસુધી કોઇ કાળે પણ ત્હમે ત્હમારા સ્થાનથી આગળ નહિં વધી શકશો. એ વિચાર સ્વાતંત્ર્યનીજ ખામીનો પ્રતાપ છે કે આટલી ૧૫–૨૦ વર્ષ જેટલી મ્હોટી અવસ્થામાં પણ ત્હમને માર્ગોપદેશિકાના નિયમો અને કર્મગ્રંથના ભાંગાઓ પણ કઠિન લાગે છે. યુરોપ અને અમેરીકામાં બાર બાર વર્ષના છોકરાઓ તો પાંચ પાંચ ભાષાઓ જાણતા હોય છે. સાહિત્યના, તત્ત્વના, ગણિતના અને ઇતિહાસના ગહન ગ્રંથો ભણતા હોય છે અને વિજ્ઞાનાલયોમાં બેઠા બેઠા માનસશાસ્ત્ર તથા રસાયણશાસ્ત્રના તત્ત્વો ખોજતા હોય છે. એનું કારણ શું? બીજું કાંઇ પણ નહિં પણ તેમનું વિચાર સ્વાતંત્ર્ય છે. ન્હાનપણથી જ ત્હેમની વિચારશક્તિ ખિલેલી હોય છે. તેઓ સદા ચંચળ અને જ્ઞાનલિપ્સુ હોય છે, જો કોઇ નવીન વસ્તુ અથવા નવીન વાત તેમના દેખવામાં યા સાંભળવામાં આવે છે તો તેના પ્રતિ હદપારની તેમની ઉત્સુકતા થઇ જાય છે, અને જ્યાંસુધી તેના સ્વરૂપનું જ્ઞાન ન થાય, ત્યાંસુધી શાંતિ પૂર્વક તેમનાથી બેશી પણ નથી શકાતું એજ વિચાર સ્વાતંત્ર્યનું ફળ છે કે આજે તે દેશો એટલી સભ્યતાના શિખરે પહોંચ્યા છે.

માટે બન્ધુઓ! તમે આ ત્રણ તત્ત્વોનું આરાધન કરો, અને જીવનના રહસ્યો સમજી, તેની યથાર્થતા મેળવવા માટે ઉત્સુક થઇ સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર પ્રાપ્ત કરો અને સ્વની તથા પરની ઉન્નતિ કરવામાં તત્પર થાઓ.

યોજક,

**મુનિરાજ શ્રી જિનવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું

## ( વ્યાખ્યાન ૭ મું. )

### પ્રતિમા સિદ્ધિ.

( ગતાંક પૃષ્ટ ૧૬૧ થી શરૂ. )

ગયા અંકમાં પ્રથમ દેવ, ગુરૂ અને ધર્માદિનું કિંચિત્ સ્વરૂપ કથન કર્યું, હવે પ્રતિમાની સિદ્ધિ વિષે ગુરૂ કૃપાથી મને જે કંઈ બે અક્ષર પ્રાપ્ત થયા છે તેમાંથી કંઇક કથન કરીશ; તે સાંભળી તેનો યોગ્યાયોગ્યનો વિચાર કરવો તે તો આપ બુદ્ધિમાનોને આધીન છે.

### मंगलाचरणं.

नेत्रानंदकरी भवोदधितरी श्रेयस्तरोर्मंजरी ।
श्रीमद् धर्ममहानरेंद्रनगरीव्यापल्लताधूमरी ॥
हर्षोत्कर्षशुभप्रभावलहरी रागद्विषां जित्वरी ।
मूर्तिः श्रीजिनपुंगवस्य भवतु श्रेयस्करी देहिनां ॥ १ ॥

અર્થ:—નેત્રને આનંદ કરવાવાળી, સંસાર સમુદ્રને પાર ઉતારવાને નાવ જેવી, કલ્યાણ વૃક્ષની મંજરી જેવી, ધર્મરૂપી મહારાજાને વસવાને માટે નગરી જેવી, અને અનેક પ્રકારની આપદાઓરૂપી લત્તાઓનો નાશ કરવાને ધુમરી જેવી, હર્ષના ઉત્કર્ષનો શુભ પ્રભાવ કરવાને લહરીઓ જેવી, રાગ અને દ્વેષરૂપી શત્રુઓને જીતવાવાળી–એવી શ્રી જીનેશ્વર દેવની મૂર્ત્તિ આ જગતના જીવોનું કલ્યાણ કરવાવાળી થાઓ.

**શિષ્ય**–ક્યા દેવ માનવા પૂજવા યોગ્ય છે?

**ગુરૂ**—રાગ, દ્વેષ, મોહ, કામ, અજ્ઞાન, નિદ્રા, ભય આદિ દૂષણો જેની અંદર નથી તે દેવ માનવા પૂજવા યોગ્ય છે.

**શિષ્ય**–ક્યા દેવની અંદર તમારા કહેલાં દૂષણો નથી? અને ક્યા દેવની અંદર તે દૂષણો છે? તેનો નિર્ણય કેવી રીતે થાય? કારણ આપે તે કોઇ પણ દેવોનું નામ બતાવ્યું નથી.

**ગુરૂ**—નામ બતાવવાની જરૂર નથી, તમે પોતે જ વિચાર કરશો તો જાણી શકશો

**શિષ્ય**–શા આધારથી જાણી શકાય?

**ગુરૂ**—દુનિયામાં દેવો લોકોએ માનેલા છે તેમનાં જીવન ચરિત્ર વાંચવાથી.

**શિષ્ય**–સર્વ દેવોનાં ચરિત્ર અલ્પ કાળમાં વાંચી શકાય તેવી બુદ્ધિ નથી. માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડી મુદતમાં જાણવાને કંઇ સાધન છે? હોય તો બતાવવા કૃપા કરશો.

**ગુરૂ**—હા, આ જગતમાં લોકોએ આજકાલ જે જે દેવો માનેલા છે તે સર્વની ઘણું કરી મૂર્ત્તિઓ બનેલી છે અને તે મૂર્ત્તિઓ પણ તે દેવ જેવા હતા તેવી જ બનેલી છે, તો તેનાથી પણ કેટલોક બોધ થઇ શકે છે.

**શિષ્ય**-મૂર્ત્તિ તો જડ છે. તેનાથી કેવી રીતે બોધ થાય છે? તે જણાવવા કૃપા કરશો ?

**ગુરૂ**—જે દેવની મૂર્ત્તિની સાથે તેમની સ્ત્રીઓની મૂર્ત્તિઓ છે તે જણાવે છે કે તે દેવો જરૂર કામી હતા, અન્યથા સ્ત્રીઓ કેમ રાખે? તથા જે દેવોની મૂર્ત્તિના હાથમાં ગદા, ધનુષ, ત્રિશૂલ આદિ શસ્ત્રો છે કે તે દેવોના કોઇ અવશ્ય શત્રુઓ છે કે જેના ભયથી તે શસ્ત્ર રાખે છે. જેને કોઇનો ભય ન હોય તે કદાપિ શસ્ત્ર ન રાખે, તથા જે દેવની મૂર્ત્તિના હાથમાં જપમાળા છે તે જપમાળા જણાવે છે કે તે દેવથી બીજા કોઇ પણ મોટા દેવ છે કે જેનું તે સ્મરણ કરે છે, તથા જપમાલા વિના જાપ કરતા ભુલી જાય છે. તેથી જપમાળા ધારણ કરે છે, આથી અજ્ઞાની સિદ્ધ થાય છે. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

> **स्त्रीसंगः काममाचष्टे द्वेषंचायुधसंग्रहः ॥**
> **व्यामोहंचाक्षसूत्रादिरशौचं च कमंडलुः ॥ १ ॥**

**અર્થ**—સ્ત્રીનો સંગ છે તે કામવૃત્તિને જણાવે છે. શસ્ત્ર, ગદા, ધનુષ્યાદિનો સંગ્રહ દ્વેષભાવ સૂચવે છે. જપમાલા વ્યામોહ અને કમંડલુ અશુચિપણાને જણાવે છે. ॥ ૧ ॥

માટે જે દેવાધિદેવ છે તેમની મૂર્ત્તિમાં આ લક્ષણો કદાપિ ન હોય, કિંતુ દેવાધિદેવ પરમાત્માની મૂર્ત્તિ તો શાન્ત મુદ્રાવાલી જ હોય છે. શ્રી દેવેંદ્રસૂરિ મહારાજે વંદારૂવિત્તિને વિષે કહ્યું છે કે—

> **नेत्रे शाम्यसुधारसैकसुभगे आस्यं प्रसन्नं सदा ।**
> **यत्ते चाहितहेतिसंहतिलसत्संसर्गशून्यौ करौ ॥**
> **अंकश्चप्रतिबंधबंधुरवधूसंबंधवंध्योधिकम् ।**
> **तद्देवो भूवने त्वमेव भवसि श्री वीतरागो ध्रुवम् ॥ १ ॥**

**અર્થ**—હે ભગવન્, તમારાં નેત્રો તો સમતા રૂપ અમૃતરસથી પણ શ્રેષ્ટ છે; અને તમારૂં મુખ તો સદા પ્રસન્ન છે, અને તમારા હાથ તો લોકનું અહિત કરવાવાળા ગદા ધનુષ્યાદિ શસ્ત્રોના સમૂહથી શુન્ય છે, અને તમારો ખોળો પ્રતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધ કરવામાં જે મનોહર સ્ત્રી તેના સંબંધથી વાંઝીઓ છે; તે કારણથી હે વીતરાગ તુંજ આ જગતમાં નિશ્ચયે કરીને પરમદેવ છે, પણ બીજો કોઈ નથી.

**શિષ્ય**—આપે દેવનું સ્વરૂપ કથન કર્યું, તેથી સિદ્ધ થયું કે દેવાધિદેવ વીતરાગ જિનેશ્વર ભગવાન્ જ છે પણ તેમની પ્રતિમા પૂજવી તથા તેમની પ્રતિમાને નમસ્કાર કરવો, તથા મૂર્ત્તિ મોક્ષદાયક છે એમ સમજવું એ તો મૂર્ખતાનું ચિન્હ છે, કારણ પ્રતિમા તો જડ છે.

**ગુરૂ**—હે શિષ્ય, આપ કોઇ શાસ્રને પરમેશ્વરનાં વચન રૂપ માનો છો કે નહીં? અને શાસ્રને પરમેશ્વરનાં વચન રૂપ માનો છો તો તે મોક્ષને આપવાવાળાં માનો છો કે નહીં? જો મોક્ષને આપવાવાળા માનો છો તો તે શાસ્રો તો શાહી અને કાગળરૂપ હોવાથી જડ છે, છતાં મોક્ષને આપવાવાળા માનો છો તેમ પરમેશ્વરની મૂર્ત્તિને માનવામાં શા માટે શરમાઓ છો?

**શિષ્ય**—શાસ્રમાં તો અક્ષરોની આકૃતિ છે તે વાંચવાથી પરમેશ્વરના વચનોનો બોધ થાય છે.

**ગુરૂ**—શાસ્ર વાંચવાથી જેવી રીતે પરમેશ્વરના વચનોનો બોધ થાય છે તેવીજ રીતે પ્રતિમા દેખવાથી પરમેશ્વરના સ્વરૂપનો પણ બોધ થાય છે.

**શિષ્ય**—મૂર્ત્તિના દેખવાથી વીતરાગ દેવનું સ્મરણ થાય છે, પણ તેની ભક્તિ કરવાથી શું લાભ થાય છે?

**ગુરૂ**—શાસ્ર શ્રવણ કરવાથી અથવા વાંચવાથી પરમેશ્વરના વચનોનો બોધ તો જરૂર થાય છે, તો પણ શાસ્રના ભક્તજનો શાસ્રને ઉંચ સ્થાનમાં રાખે છે, તથા કેટલાક માથા ઉપર લઇને ફરે છે, તથા કેટલાક સિંહાસન ઉપર સારા સુંદર રૂમાલમાં બાંધીને મુકે છે તથા તેને પૂજે છે, વંદન નમસ્કાર કરે છે. શાસ્રનાં વચનો વિનયભક્તિ બહુ માનપૂર્વક સાંભળવાથી જેમ અનેક પ્રકારના લાભો ભક્તજનને થાય છે, તેમજ જિન પ્રતિમાની ભક્તિ વંદન, નમસ્કાર, બહુ માનથી પણ ભક્તજનોને બહુજ લાભ થાય છે.

**શિષ્ય**—જિનેશ્વર ભગવાનની મૂર્તિ તો કોઇ પણ શાસ્રમાં કહેલી નથી.

**ગુરૂ**—જૈન શાસ્રોમાં તો ઠામ ઠામ મૂર્ત્તિનું વર્ણન આવે છે.

**શિષ્ય**—કયા કયા જૈન શાસ્રમાં મૂર્ત્તિનું વર્ણન છે તેનાં નામ બતાવવા કૃપા કરશો?

**ગુરૂ**—જ્ઞાતા સૂત્રમાં દ્રૌપદીએ જિનેશ્વર ભગવંતની પ્રતિમા પૂજ્યાનો અધિકાર વિસ્તારથી છે. રાયપસેણીસૂત્રમાં સૂર્યાભ દેવનો, જીવાભિગમમાં વિજય પોલીઆ દેવનો, ઉપાસક દશાંગમાં આનંદ કામદેવનો, ભગવતીસૂત્રમાં વિદ્યાચારણ જંઘાચરણ સાધુઓનો—આદિ ઘણાજ સૂત્રમાં ઘણાજ વિસ્તા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રથી કથન કરેલ છે. શ્રી મહોપાધ્યાય યશોવિજયજી ગણી મહારાજે પાંચ હજાર શ્લોક સંખ્યાના પ્રતિમા શતક નામા ગ્રંથમાં કેવળ પ્રતિમાની જ સિદ્ધિ કરેલી છે.

**શિષ્ય**–પ્રતિમા સંબંધી કોઈ પાઠ લખી જણાવવા કૃપા કરશો ?

**ગુરૂ**—દેવવંદન ભાષ્યમાં કહ્યું છે કે

**नाम जिणा जिण नामा, ठवणजिणा पुणजिणिंद पडिमाओ ॥**
**दव्वजिणा जिणजीवा, भावजिणा समवसरणत्था ॥ १ ॥**

**અર્થ**—જિનેશ્વર દેવનું નામ તે નામ જિન, જિનેશ્વર ભગવંતની પ્રતિમા તે સ્થાપના જિન, તથા જિનેશ્વર ભગવંતનો જે જીવ તે દ્રવ્યજિન, તથા સમવસરણમાં બીરાજમાન તે ભાવ જિન દેવ કહીયે. ॥ ૧ ॥

**શિષ્ય**–જૈન શાસ્ત્રોમાં પ્રતિમા છે તે ઠીક, પણ પત્થરની ગાય જેમ દુધ આપતી નથી તેમ પ્રતિમાથી પણ કંઇ કાર્યની સિદ્ધિ થતી નથી.

**ગુરૂ**—જેમ કોઇ પુરૂષ ગાય ગાય મુખથી ઉચ્ચાર કરે તો પણ તેના કાર્યની સિદ્ધિ થતી નથી; તેમ પરમેશ્વરના નામથી તથા તેના જાપ કરવાથી પણ કાંઇ સિદ્ધિ નહીં થાય, અને જ્યારે કંઈ સિદ્ધિ નહીં થાય તો પછી તમારે ઇશ્વિર પરમાત્માનું નામ પણ લેવું ન જોઇએ.

**શિષ્ય**–પરમેશ્વરના નામ લેવાથી તો અમારા અંતઃકરણની શુદ્ધિ થાય છે.

**ગુરૂ**—પરમેશ્વરની મૂર્ત્તિ દેખવાથી પણ પરમેશ્વરના સ્વરૂપનો બોધ થાય છે, અને તેથી અંતઃકરણની શુદ્ધિ થાય છે.

**શિષ્ય**–પરમેશ્વરના નામથી જ જ્યારે આત્મ શુદ્ધિ થાય છે તો પછી પ્રતિમા પૂજવાની શું જરૂર છે ?

**ગુરૂ**—દક્ષિણાવર્ત્તશંખ, કામકુંભ, ચિંતામણી અને ચિત્રવલ્લી આદિ ઇંદ્રિય રહિત અજીવ પદાર્થો જેમ પૂજક પ્રાણીઓના કામિતને પૂર્ણ કરે છે તેમ શ્રી વીતરાગ દેવની પ્રતિમા પૂજવાથી વીતરાગના ગુણોની પ્રાપ્તિ થાય છે. માટે વીતરાગ દેવની પ્રતિમા પૂજવાની અવશ્ય જરૂર છે તથા પ્રતિમા દેખવાથી જેવી આત્માની શુદ્ધિ થાય છે, તેવી નામથી થતી નથી. જેમ કોકશાસ્ત્રોક્ત સ્ત્રી પુરૂષનાં વિષયસેવનનાં ચોરાશી આસનો દેખવાથી તત્કાળ વિકાર ઉપજે છે. તેવીજ રીતે નિર્વિકારી શાંત મુદ્રાવાળી અર્હત્વીતરાગદેવની મૂર્ત્તિ દેખવાથી જેવો નિર્વિકાર શાંતિભાવ ઉત્પન્ન થાય છે, તેવો નામથી થતો નથી, તથા વીતરાગની મૂર્ત્તિથી રાગ દૂર છે. અને રાગીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્ત્તિથી રાગ પેદા થાય છે, માટેજ રાગવાળી સ્ત્રીની મૂર્ત્તિ દેખવા દશ વૈકાલિક સૂત્રમાં નિષેધ કરેલ છે. જુઓ કે,

चित्तमित्तिं न निज्झाए नारींवा सुअलंकियं ॥
भरकरंपिवदहुणं दिट्ठिं पडिसमाहरे ॥ १ ॥

**અર્થ**—ચિત્રામણમાં ચિતરેલી સ્ત્રીને ન દેખે તથા સારા અલંકારવાળી અથવા અલંકાર રહિત એવી સાક્ષાત સ્ત્રીને પણ બ્રહ્મચર્યને ધારણ કરવાવાળા એવા સાધુઓ ન દેખે તથા કદાચિત દેખવામાં આવે તો સૂર્યને જેમ દેખીને દૃષ્ટિ પાછી વાળે, તેમ સ્ત્રીને દેખીને દૃષ્ટીને પાછી વાળે. કારણ સ્ત્રીની મૂર્ત્તિ દેખવાથી જરૂર કામવિકાર પેદા થાય છે. મહોપાધ્યાય શ્રી સુરચંદ્ર મહારાજે જૈનતત્વ સારમાં કહ્યું છે કે—

नैवं स्वचित्ते परिचिंतनीयमजीवसेवाकारणात् भवेत् किम् ॥
यद्यादृशाकारनिरीक्षणं स्यात्प्रायो मनस्तद्गतधर्मचिंति ॥ १ ॥
यथाहि संपूर्णशुभांगपुत्रिका दृष्टा सती तादृशमोहहेतुः ॥
कामासनस्थापनतश्चकाम केलीविकारान् कलयंति कामिनः ॥ २ ॥
योगासनालोकनतो हि योगिनां योगासनाभ्यासमतिः परिष्यात् ॥
भूगोलतस्तद्गतवस्तुबुद्धिः स्याल्लोकनालेरिहलोकसंस्थितिः ॥ ३ ॥
कूर्माहिकाला नलकोटचक्रे स्तदाश्रित ज्ञप्तिरिह स्थितानाम् ॥
शास्त्रीय वर्णन्यसनात्समग्र शास्त्रावबोधस्तदभीक्षकाणाम् ॥ ४ ॥
नंदीश्वरद्वीपपटात्तथाच लंकापटात्तद्गतवस्तुचिंता ॥
एवं निजेशप्रतिमाविदृष्टा तत्तद्गुणानां स्मृतिकारणं स्यात् ॥ ५ ॥

**અર્થ**—અજીવની સેવાથી શું થાય છે એવી શંકા મનમાં લાવવી જ નહીં. કેમકે જેવો આકાર દેખવામાં આવે તેવા આકાર સંબંધી ધર્મનું ચિંતવન મનમાં ઘણું કરીને થાય છે. ॥ ૧ ॥ જેમ સંપૂર્ણ શુભ અંગવાળી પુતળી જોવામાં આવતાં તે તાદૃશ મોહનો હેતુ થાય છે, કામાસનની સ્થાપનાથી કામીજનો કામક્રીડા સંબંધી વિકારોનો અનુભવ કરે છે. ॥ ૨ ॥ યોગાસનના અવલોકનથી યોગી પુરૂષોની યોગાભ્યાસમાં બુદ્ધિ થાય છે, ભૂગોળથી તેમાં રહેલી વસ્તુનો બોધ થાય છે, લોકનાલિકાના ચિત્રથી લોકમાં રહેલી વસ્તુ સમજી શકાય છે. ॥ ૩ ॥ કુર્મચક્ર, અહિચક્ર, કાલાનલચક્ર, ( સૂર્યકાલાનલચક્ર, ચંદ્રકાલાનલચક્ર, ) અને કોટચક્ર ઇત્યાદિ આકૃતિઓથી અહીં રહ્યા રહ્યા તેના સંબંધી જ્ઞાન પેદા થાય છે, શાસ્ત્રો સંબંધી અક્ષરની સ્થાપનાથી તે અક્ષરો જોનાર પુરૂષોને સંપૂર્ણ શાસ્ત્રનો બોધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે, ॥ ૪ ॥ નંદીશ્વર દ્વીપના ચિત્રથી તથા લંકાના નકશાથી તેમાં રહેલી વસ્તુનો બોધ થાય છે, એવીજ રીતે પોતાના ઇષ્ટદેવની પ્રતિમા પણ તે દેવમાં રહેલા ગુણોની સ્મૃતિનું કારણ થાય છે. ॥ ૫ ॥

આ ઉપર બતાવેલા કારણોથી પ્રતિમા માનવા પૂજવા યોગ્ય સિદ્ધ છે.

**શિષ્ય**—કોઇ સ્ત્રીના પતિનું નામ રામચંદ્ર છે. તેના મરી ગયા પછી તે સ્ત્રી પોતાના પતિની પ્રતિમા ( છબી ) બનાવી પૂજા સેવા કરે તો શું તેથી તેને કામ ઇચ્છા પૂર્ણ થાય ? તથા પુત્રની ઉત્પત્તિ થાય ? અર્થાત્ ન થાય. તેમ પરમેશ્વરની મૂર્ત્તિથી શું લાભ થશે ?

**ગુરૂ**-રામચંદ્રના મૃત્યુ પછી તેની સ્ત્રી જપમાળા હાથમાં લઈ રામચંદ્ર રામચંદ્ર કરે તો તેથી તે સ્ત્રીને કામ ઇચ્છા પૂર્ણ થાય ? તથા પુત્ર ઉત્પન્ન થાય ? જો કેહશો કે તે સ્ત્રીને કંઇ લાભ ન થાય, તો પછી પરમેશ્વરના નામની જપમાળા ગણવાથી પણ કંઇ કાર્યની સિદ્ધિ ન થાય. પણ તેમ નથી. પરમેશ્વરના નામથી તો કાર્યની સિદ્ધિ થાય છે તેમ તમે પણ માનો છો તો પછી રામચંદ્રની મૂર્ત્તિનું દૃષ્ટાંત પરમેશ્વરની મૂર્ત્તિ સાથે લાગુ કેવી રીતે પડશે. તથા વળી રામચંદ્રની સ્ત્રીને પણ રામચંદ્રના નામથી જે આનંદ થાય છે તે કરતાં રામચંદ્રનો મૂર્ત્તિથી આનંદ વધારે જ થાય છે. તેથી નામ કરતાં મૂર્ત્તિમાં વિશેષતા વધારે છે. કોઇ એક પુરૂષે સિંહ દેખેલ નથી પણ નામ સાંભળેલ છે; તે પુરૂષને કોઇ ઠેકાણે સિંહ દેખવામાં આવે તો આ સિંહ છે એવો બોધ થતો નથી. પણ જે પુરૂષે સિંહની મૂર્ત્તિ દેખી છે તેને સિંહ દેખવામાં આવે તો તરતજ સિંહનો બોધ થાય છે. તથા જે પુરૂષે શ્રીમાન્ મહારાજા શેહેનશાહ જ્યોર્જ અથવા શ્રીમાન મહારાજા સયાજીરાવ ગાયકવાડ સરકારને દેખેલ નથી પણ નામ સાંભળેલ છે તે પુરૂષને કોઇ ઠેકાણે શ્રીમાન્ મહારાજા શહેનશાહ અથવા શ્રીમાન્ મહારાજા સયાજીરાવ ગાયકવાડ દેખવામાં આવે તો આ શ્રીમાન્ મહારાજા શહેનશાહ તથા આ શ્રીમાન્ મહારાજા સયાજીરાવ ગાયકવાડ છે એવો બોધ થતો જ નથી પણ જે પુરૂષે પ્રથમ તેમની મૂર્ત્તિ (છબી) દેખી છે તેને બન્ને મહારાજાના દર્શન કોઇ સ્થાનમાં થાય તો તરતજ તેમને જાણી શકે છે કે આ મહારાજા શહેનશાહ છે. અથવા તો આ મહારાજા સયાજીરાવ ગાયકવાડ છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે નામ કરતાં મૂર્ત્તિ વધારે લાભકારક છે.

**શિષ્ય**-પ્રતિમા તો કારીગર બનાવે છે. જો પ્રતિમા પૂજવા યોગ્ય છે, તો તેના કર્ત્તા કારીગરો પણ પૂજનિક થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગુરૂ**—વેદાદિ શાસ્ત્રો પણ ભીખારી લખે છે તો તેઓને પૂજવા જોઇએ.

**શિષ્ય**–વેદાદિ શાસ્ત્રોમાં તો મૂર્ત્તિ કોઇ ઠેકાણે કહી નથી.

**ગુરૂ**—તૈત્તિરીયોપનિષદ્રમાં કહ્યું છે કે—

**सद्यालंबनं ब्रह्मणः परस्यापरस्य च प्रतिमेव विष्णोः ॥**

**અર્થ**—પરબ્રહ્મ તથા અપરબ્રહ્મનું આલંબન વિષ્ણુની પ્રતિમાની પેઠે ઓંકાર છે. ઇત્યાદિ પાઠો અનેક છે પણ અલ્પ સમય હોવાથી કહેતો નથી.

**શિષ્ય**–આ કાલમાં કોઇ પણ બુદ્ધિમાન્ પુરૂષો પ્રતિમાને માનતા નથી.

**ગુરૂ**—બુદ્ધિમાન્ તો સર્વે માને છે. જુઓ કે, ગુજરાત, મુંબઇ ઇલાકો, હીંદુસ્તાન, અમેરિકા, આફ્રિકા યુરોપ આદિના નકશા તથા હાટ-હવેલી નદી, પહાડ આદિના નકશા છે, તે દેશાદિ વસ્તુની પ્રતિમા જ છે, તથા અકારાદિ અક્ષરોની આકૃતિ છે તે પણ શબ્દની જ સ્થાપના છે, તથા જપમાળાના ૧૦૮ મણકા છે, તે પણ જૈન મત પ્રમાણે પંચપરમેષ્ટીના ગુણની સ્થાપના છે, તથા બીજા મતોવાળા પણ જે કોઇ ૧૦૮ અથવા ૨૭ આદિ રાખે છે તે પણ સહેતુક હોવા સંભવ છે. અન્યથા ૧૦૮ આદિ રાખવાનો નિયમ ન થઈ શકે.

**શિષ્ય**–લૌકિક મૂર્ત્તિ તો બની શકે છે, પણ નિરંજન નિરાકાર પરમેશ્વરની મૂર્ત્તિ કેવી રીતે બની શકે?

**ગુરૂ**—પ્રથમ એ વિચાર વિચારણીય છે કે વેદાદિશાસ્ત્રના કથન કરનાર નિરંજન નિરાકાર માનવા કે સાકાર.

કદાચ એમ કહેશો કે " વેદનો કર્ત્તા કોઈ નથી, વેદ અપૌરૂષેય છે. " એ પ્રમાણે માનવામાં શું દૂષણ આવે છે?

તેના ઉત્તરમાં વેદ અપૌરૂષેય કોઇ રીતિથી સિદ્ધ થતા નથી. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે:—

**अपौरुषेयवचन । मसंभवि भवेद्यदि ॥**
**न प्रमाणं भवेद्वाचां । ह्याप्ताधीना प्रमाणता ॥ १ ॥**

**અર્થ**—જેનો સંભવ જ નથી એવું પુરૂષ વિનાનું વચન પ્રમાણ થતું નથી, કારણ વચનની પ્રમાણુતા આપ્ત ( સર્વજ્ઞ ) ને આધીન છે ॥ ૧ ॥ તથા સ્યાદ્વાદ મંજરીને વિષે કહ્યું છે કે—

**तात्वादिजन्मा ननु वर्णवर्गो । वर्णात्मको वेद इति स्फुटं च ॥**
**पुंसश्च तात्वादिरतः कथं स्यादपौरुषेयोऽयमिति प्रतीतिः ॥ १ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અર્થ**—વેદ અક્ષર સ્વરૂપ છે એમ પ્રગટ છે, અને અક્ષરનો સમૂહ છે તે તાલુ, કંઠ, દંત આદિ સ્થાનોથી પેદા થાય છે, અને તાલુ આદિ સ્થાનો પુરૂષોને જ હોય છે તેથી વેદ અપૌરૂષેય છે એમ પ્રતીત કેવી રીતે થાય ? વાસ્તે વેદ અપૌરૂષેયતો સિદ્ધ થતા નથી.

આ વિષય અપ્રાસંગિક હોવાથી વિશેષ કહેવું યોગ્ય નથી જેમને જાણવાની ઇચ્છા હોય તેમને નંદીસૂત્ર તથા સંમતિ તર્કાદિ શાસ્ત્રો વાંચવા ભલામણ કરૂં છું.

વેદાદિ શાસ્ત્રના કર્ત્તા તો આ કથનથી દેહ ધારીજ સિદ્ધ થાય છે.

અક્ષરો નિરાકાર છે, છતાં તેમની આકૃતિ બનાવવામાં આવે છે, રાગો શબ્દરૂપ હોવાથી નિરાકાર છે છતાં તેની રાગમાલાના પુસ્તકમાં સ્થાપના કરવામાં આવે છે, તથા સ્વરોદયનાં પૃથ્વીઆદિ તત્વોની પણ આકૃતિ કરવામાં આવે છે, તેમ નિરંજન નિરાકાર પરમેશ્વરની પણ મૂર્તિ બની શકે છે, પરંતુ પરમેશ્વરની મૂર્તિતો મુખ્યતાથી જે શાસ્ત્રના કથન કરનાર દેહધારી ઇશ્વરો થયા છે, તેમની બનાવવામાં આવે છે, તથા વસ્તુ સાક્ષાત્ જ્યારે વિદ્યમાન ન હોય ત્યારે તે વસ્તુનો બોધ મૂર્ત્તિથી જ થાય છે. જૈન તત્વસારમાં કહ્યું છે કે,

॥ यदा तु साक्षात् नहि वस्तु दृश्यं तत्स्थापना संप्रति लोकसिद्धा ॥
तथाच पत्यौ परदेशसंस्थे काचित् सती पश्यति यत्तदर्चाम् ॥ १ ॥
यदन्यशास्त्रेऽपि निशम्यतेऽदः श्रीरामचंद्रे परदेशसंस्थे ॥
तत्पादुकां सोपिच रामवत्तदाभ्यपूजयत् श्रीभरतो नरेश्वरः ॥ २ ॥

**અર્થ**—જ્યારે વસ્તુ સાક્ષાત્ દૃશ્ય ન હોય ત્યારે તેની સ્થાપના કરવાનું હાલ લોકપ્રસિદ્ધ છે. અત્ર દૃષ્ટાંત, સતી સ્ત્રી પોતાનો પતિ પરદેશ ગયો હોય ત્યારે પોતાના પતિની પ્રતિમાનું દર્શન કરે છે, ૧ ॥ તથા રામાયણમાં સાંભળવામાં આવે છે કે, શ્રી રામચંદ્રજી વનવાસ ગયા, ત્યારે ભરત મહારાજા રામચંદ્રની પાદુકાની પૂજા કરતા હતા. ૨ ॥

સીતાજી પણ મહારાજા રામચંદ્રની આંગળીની મુદ્રિકા દેખી તેનું આલિંગન કરી સાક્ષાત્ રામચંદ્રજી મળ્યાની તુલ્ય સુખ માનતી હતી. તેમજ રામચંદ્રજી પણ હનુમાનજી સીતાજીનો મુકુટ લાવ્યા તે દેખી સુખને પ્રાપ્ત થયા. મુદ્રિકા, મુકુટ આદિ આવી અજીવ વસ્તુઓથી આ પ્રમાણે સુખ થાય છે, તો પછી પરમેશ્વરની પ્રતિમાથી સુખ કેમ ન પ્રાપ્ત થાય ? તથા પાંડવ ચરિત્રમાં પણ દ્રોણાચાર્યની મૂર્ત્તિ સ્થાપન કરી એક લવ્યનામા ભીલે ધનુર્વિદ્યા સિદ્ધ કર્યાનો અધિકાર છે. તથા ક્ષેત્રમાં પુરૂષોની આકૃતિ કરવાથી ક્ષેત્રોનું રક્ષણ થાય છે. ઇત્યાદિ કારણોથી પણ પ્રતિમા સિદ્ધ થાય છે. તથા આ લોકમાં પણ રાજામહારાજાદિકની મૂર્તિઓ બનાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમના સેવકો પૂજા ભક્તિ કરે છે. જેમ મહારાજા શહેનશાહ ગાદી ઉપર બીરાજમાન થયા તે દીવસે કેટલાક શહેરોમાં સિંહાસન ઉપર તેમની મૂર્તિ સ્થાપન કરી તેમની પૂજા ભક્તિ કરી હતી, તથા તે મૂર્તિઓની કોઇપણ આશાતના કરતા નથી, તથા શ્રી ગાયકવાડ સરકાર મહારાજાની મૂર્તિની પણ ઘણા શહેરોમાં તેમના ભક્તજનો ભક્તિ બહુમાન કરે છે, એ પ્રસિદ્ધ છે.

**શિષ્ય**—તમે જે દષ્ટાંત દીધું કે ક્ષેત્રમાં પુરૂષનો આકાર કરવાથી ક્ષેત્રનું રક્ષણ થાય છે તેમાં પક્ષીઆદિ આવતાં નથી તે સત્ય છે, પણ પક્ષી તો અજ્ઞાની હોવાથી તે પુરૂષ છે કે પુરૂષાકૃતિ માત્ર છે તે સમજતા નથી, પણ આપણે સમજીને પ્રતિમા માનવાની શું જરૂર છે ?

**ગુરૂ**—આપણને પણ જ્યાં સુધી પરમેશ્વરનું ધ્યાન આલંબન વિના કરી શકતા નથી, ત્યાંસુધી આપણે પણ અજ્ઞાની હોવાથી પ્રતિમાની જરૂર છે. જ્યારે નિરાલંબન ધ્યાન થઇ શકે ત્યાર પછી જરૂર નથી.

**શિષ્ય**—હે ગુરૂ મહારાજ, નિરાલંબન ધ્યાન કયાં સુધી ન થઇ શકે કે જેથી તેને પ્રતિમાની જરૂર પડે ?

**ગુરૂ**—જૈનશાસ્ત્રમાં મોક્ષરૂપી મહેલમાં ચઢવાને ચઉદ પગથીયાં કથન કરેલ છે. તેમાં પ્રથમ પાંચ તો ગૃહસ્થનાં છે. બાકીના નવ સાધુઓનાં છે, તે નવમાં પ્રથમ પ્રમાદ નામનું, બીજું અપ્રમાદ નામનું. જ્યારે અપ્રમાદ નામનું પગથીઉં પ્રાપ્ત થાય, ત્યારે નિરાલંબન ધ્યાન થઇ શકે, પણ તે પહેલાં નહીં. આથી સિદ્ધ થાય છે કે ગૃહસ્થોને તો સદાકાળ પ્રતિમા માનવાની જરૂર છે. સાધુઓને પણ જ્યાં સુધી પ્રમાદપણું છે ત્યાં સુધી અવશ્ય પ્રતિમા માનવાની જરૂર છે, કારણ પ્રમાદ છે ત્યાં સુધી નિરાલંબન ધ્યાન થઈ શકતું નથી. શ્રી રત્નશેખર સૂરિમહારાજે ગુણસ્થાનક્રમારોહમાં કહ્યું છે કે—

**प्रमाद्यावश्यकत्यागात् निश्चलध्यानमाश्रयेत् ॥**
**योसौ नैवागमं जैनं वेत्ति मिथ्यात्वमोहितः ॥ १ ॥**

**અર્થ**—જે સાધુ પ્રમાદી છતાં અવશ્ય કરણીનો ત્યાગ કરી નિશ્ચલ નિરાલંબન ધ્યાનને અંગીકાર કરે છે તે સાધુ વિપરીત જ્ઞાનથી મૂઢ થયો થકો શ્રી સર્વજ્ઞ ભગવાનનું કહેલ જૈન આગમને જાણતો નથી. ॥ ૧ ॥

**શિષ્ય**—નિરાલંબન ધ્યાન આજકાલ થઇ શકે કે કેમ ?

**ગુરૂ**—આજકાલ નિરાલંબન ધ્યાન ન થઇ શકે, તેથી મોટા મોટા મહાત્માઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ધ્યાનના મનોરથજ કરેલા છે. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે,

वने पद्मासनासीनं क्रोड स्थित मृगार्भकं ॥
कदा घ्रास्यंति वक्त्रैर्मा जरंतो मृगयूथपाः ॥ १ ॥
शत्रौ मित्रे तृणे स्त्रैणे स्वर्णेऽश्मनि मणौमृदि ॥
मोक्षे भवे भविष्यामि निर्विशेषमतिः कदा ॥ २ ॥

અર્થ—વનને વિષે પદ્માસન કરી બેઠેલા તથા જેના ખોળામાં હરિણનાં બચ્ચાંઓ રહેલાં છે એવા મને ઘરડા એવા મૃગના સ્વામીઓ આવીને મુખથી ક્યારે સુંઘશે ? ॥ ૧ ॥ શત્રુમાં અને મિત્રમાં તૃણમાં અને સ્ત્રીના સમૂહમાં સુવર્ણમાં અને પત્થરમાં મણિમાં અને માટીમાં મોક્ષમાં અને સંસારમાં તુલ્ય બુદ્ધિવાળો ક્યારે થઇશ ? ॥ ૨ ॥ ભર્તૃહરિ નામના મહાત્માએ વૈરાગ્યશતક નામના ગ્રંથમાં કહ્યું છે કે–

गंगातीरे हिमगिरिशिलाबद्धपद्मासनस्य ।
ब्रह्मज्ञानाभ्यसन विधिना योगनिद्रागतस्य ॥
किं तैर्भाव्यं मम सुदिवसैर्यत्र ते निर्विशंकाः ।
कंडूयंते जरठहरिणाः स्वांगमंगे मदीये ॥ १ ॥

અર્થ—ગંગાજીના તીરે હિમાલય પર્વતની શિલા ઉપર પદ્માસને બેસીને બ્રહ્મજ્ઞાનના અભ્યાસની વિધિથી યોગ નિદ્રાને પ્રાપ્ત થયેલા મને જ્યાં શંકારહિત નિર્ભયપણે ઘરડા હરિણો પોતાના શીંગડાની ચળ મટાડવાને માટે મારા શરીરની સાથે પોતાનું શરીર ઘસે એવા શુભ દીવસો ક્યારે આવશે ? ॥ ૧ ॥

ઇત્યાદિ અનેક મહાત્મા પુરૂષોએ મનોરથ માત્ર જ કર્યા છે, પણ આ કાળમાં નિરાલંબન ધ્યાન ન થઇ શકવાથી કોઇએ કરેલ નથી. અને જ્યાંસુધી નિરાલંબન ધ્યાન થઇ ન થઈ શકે ત્યાંસુધી અવસ્ય પ્રતિમાની જરૂરછે. અલ્પ સમયમાં વધારે કહી ન શકાય, તેથી કિંચિત્ માત્ર કથન કરી મારા વિષયની સમાપ્તિ કરૂંછું.

ઇત્યલં વિસ્તરેણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અહિંસા યાને દયાધર્મ.

લેખક—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

જીવ દયા પ્રતિપાલકપણાનો દાવો કરનારા દરેકે દરેક જૈન તેમજ જૈનેતરોએ ચ્હાય–ગમે તેવી સ્થિતિમાં રહેલા હોય તેમણે–પ્રથમ અહિંસા યા દયાનું સ્વરૂપ જાણવું જોઇએ. તત્સંબંધી યથાર્થ જ્ઞાન મેળવનાર જ તેનું યથાર્થ ભાવે સેવન કરી શકેછે. તેથી તેનો અત્યુતમ લાભ લેવાનાં અર્થી જનોએ આ વિષયને જેમ બને તેમ અધિક પરિચિત ( અભ્યસિંત ) કરવો યોગ્ય છે. હિંસાનો ત્યાગ કરવો. હિંસાથી દૂર રહેવું અથવા હિંસા સંબંધી દોષ લાગે એવાં દુષ્ટ કારણો સમજી સમજીને દૂર તજવાં એનું નામ અહિંસા યા દયા કહેવાય છે. તેથી હીંસા તે શું ? અને તેનાં કારણ કયા કયા છે તે જાણવું જીજ્ઞાસુઓને બહુ જરૂરનું છે. આ સંબંધમાં **શ્રીમાન્ હેમચંદ્રસૂરિકૃત યોગશાસ્ત્રના પ્રથમના ચાર પરિચ્છેદોમાં** ઘણું મુદ્દાસર કહેવાયું છે. સંક્ષેપમાં " **प्रमत योगात् प्राण व्यपरोपणं हिंसा** " એ હિંસાનું લક્ષણ કહેલું છે તેથી તથા **શ્રીમાન્ અમૃતચંદાચાર્ય પ્રણીત પુરૂષાર્થ સિદ્ધિ ઉપાય નામનાં ગ્રંથમાં કહ્યા સુજબ** ' ક્રોધાદિક કષાય યુક્ત મન વચન કાયાનાં યોગ ( વ્યાપાર ) થી દ્રવ્ય ભાવ પ્રાણોનો ઘાત કરવો તે ખરેખર હિંસા કહેવાય છે.' અર્થાત્ ક્રોધ માન, માયા અને લોભ ( Anger-etc ) યુકતપરિણામથી [ તેમજ ઉપલક્ષણથી મદ ( intoxication ) વિષય ( Sensual desires ) નિંદ્રા ( Idleness ) અને વિકથા False gossips ) વિગેરે **પ્રમાદ** આચરણથી ] મલીન થયેલાં મન વચન અને કાયાવડે સ્વપરનાં ( પોતાના તેમજ પારકા ) દ્રવ્ય ભાવ પ્રાણનો ઘાત કરવો–વિયોગ કરવો તેજ **હિંસા** કરી કહેવાય છે. ચક્ષુ આદિ પાંચ ઇંદ્રિયો, મન, વચન અને કાયાનાં બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દસ **દ્રવ્યપ્રાણ** કહેવાય છે. તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વિર્ય પ્રમુખ **ભાવપ્રાણ** લેખાય છે. તેમનો એક અથવા બીજી રીતે વિનાશ કરવો તેને શાસ્ત્રકાર **હિંસા** કરી કહે છે. અને તેમ કરનાર હિંસક લેખાય છે એમ સમજી ઉકત હિંસાથી અથવા એવાં દુષ્ટ કારણોથી નિવર્તનાર અહિંસા યા દયાધર્મનાં અધિકારી ગણાય છે. વળી સંક્ષેપથી કહેવાયું છે કે, અસત્ય બોલવું, ચોરી કરવી, પશુવૃતિ ( મૈથુનક્રીડા ) સેવવી, મમતાવશ બની જડ વસ્તુઓનો સંચય કરવો, રાત્રિભોજન કરવું, અભક્ષ્યનું ભક્ષણ કરવું તેમજ રાગ, દ્વેષ અને કલહ, કરવા, ખોટા આળ ચઢાવવાં ખોટી ચાડી ખાવી, ઇષ્ટાનિષ્ટ સંયોગે હર્ષ ખેદ કરવો, પરનિંદા કરવી, માયાવીપણે જૂઠ બોલવું અને તત્વ પરિક્ષા કર્યા વગર અસ્થાને અંધશ્રદ્ધા અથવા વિપરીત શ્રદ્ધા કરવી તે સર્વ, સ્વછંદ આચરણરૂપ પ્રમતપણાથી, આત્માનાં વિશુદ્ધ પરિણામરૂપ **ભાવપ્રાણની**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક્ષા કે પુષ્ટી થવા દેવામાં અવરોધ યા અંતરાય કરે છે તેથી તે હિંસારૂપ જ લેખાય છે. એમ સમજી સુજ્ઞભાઇ બ્હેનોએ એ બધાંય પ્રમાદાચરણ કહો કે સ્વચ્છંદાચરણ અવશ્ય પરિહરવા યોગ્ય છે. જૈનોમાં તેમજ જૈનેતરોમાં પોતપોતાનામાં પાપોની માફી માગવાના જ સુભાશયથી જ નિર્મિત કરેલી જે કોઇ પદ્ધતિ હોય છે અને જે વળી અંતર લક્ષ રાખી ઉપયોગ સહિત તે તે પાપચરણો ફરી પોતાથી બનતાં સુધી હવે પછી થવા ન પામે એવી શરતે જ, અત્યાર પહેલાં મોહ કે અજ્ઞાનવશ થઇ ગયેલાં પાપ–દોષ યા અપરાધની માફી માગવાના હેતુરૂપ હોય છે તેનો જો યથાર્થ રીતે આદર કરાય તો ઉકત હિંસા સંબંધી મહાદોષથી ઘણા જીવો બચવા પામે એ નિર્વિવાદ જણાય છે. પૂર્વોકત હિંસા સંબંધી લક્ષણનું જો લક્ષ પૂર્વક મનન કરવામાં આવે તો તેનો જે ખરો આશય સ્પષ્ટ થાય છે તેજ ખુલ્લા શબ્દમાં હિત બુદ્ધિથી ઉકત શાસ્ત્રકાર નીચે મુજબ દર્શાવે છે. સર્વ પ્રાણીવર્ગને નિજ આત્મા સમાન લેખી, સાવધાનપણે સંભાળ રાખી ચાલનારને રાગ દ્વેષાદિક દોષના આવેસ વગર કવચિત્ કદાચિત્ સ્વ શરીર સંબંધી કોઈ જીવને વ્યથા પીડા યા પ્રાણહાની થઇ જાય તો તથા પ્રકારે વ્યથા પીડા કે પ્રાણહાનિ માત્રથી ખરેખર તે હિંસા કરેલી લેખાય નહિં પણ રાગાદિક વિકારને વશ વર્તી એવી પ્રમત (યતના રહિત) અવસ્થામાં વર્તતા સાક્ષાત્ કોઇ જીવ પ્રાણ હાનિરૂપ મરણને પામે યા ન પામે તોપણ તેને હિંસા સંબંધી દોષ લાગે જ. કારણ કે કષાયવશ થયેલો જીવ પ્રથમ પોતે જ પોતાને (પોતાનાં ભાવપ્રાણોને) હણે છે પછી અન્ય પ્રાણીઓની (દ્રવ્યભાવ) હિંસા થાય કે ન પણ થાય. મતલબ કે 'હિંસાથી નિવર્તવાના સંબંધમાં અનિગ્રહ (નિયમ રહિતપણે વર્તન) અને હિંસા કરવામાં સાક્ષાત્ પ્રવૃત્તિ (મન, વચન, કાયાથી) એ બંને પ્રકારે હિંસા લાગે છે, તેથી પૂર્વોકત પ્રમાદ યુકત મન, વચન, કાયાના યોગ વર્તતે છતે કાયમ હિંસા દોષ લાગે છે જ,' યદ્યપિ હિંસા દોષમાં પરવસ્તુ તો કેવળ નિમિત્ત માત્ર છે અને નિજ કિલષ્ટ (કષાય યુકત) પરિણામ જ વાસ્તવિક (ઉપાદાન કારણ છે, તો પણ પરિણામ વિશુદ્ધિ સાચવી રાખવા માટે મૂર્છા મમતાદિક પેદા કરનારા અને વધારનારા પરિગ્રહાદિક હિંસાના સ્થાનકોનો ત્યાગ કરવો જરૂરનો છે. ખોટાં કારણ સેવવાથી ખોટું જ કાર્ય–પરિણામ આવે છે. આ હેતુથી જ મોક્ષના તિવ્ર અભિલાષી મુમુક્ષુજનો દ્રવ્યભાવ ઉભય પરિગ્રહને તજે છે. દ્રવ્યપરિગ્રહ ધન, ધાન્ય, રજત, સુવર્ણાદિકરૂપ અને ભાવપરિગ્રહ અહંતા–મમતા (મૂર્છા) રૂપ એ ઉભય પરિગ્રહના પરીહારથી જ તેઓ ભાવ નિગ્રંથ કહેવાય છે. મતલબ કે સાપની કાંચળીની પેરે બાહ્ય (દ્રવ્ય) પરિગ્રહનાં ત્યાગ માત્રથી તેમનો મોક્ષ થતો નથી. જ્યારે તે સાથે અહંતા અને મમતારૂપ અંતરનું ઝેર જતું રહે છે, ત્યારે જ ખરી મોક્ષ પ્રાપ્તિ

For Private And Personal Use Only

થઇ શકે છે. ઉપર જણાવેલા વચનોનો મર્મ બરાબર **સમજી શકાય** તો પછી ઉપદિષ્ટ શાસ્ત્રકથન સમજવું--માનવું સુલભ પડે છે, કે કોઇ એક જીવ સાક્ષાત પ્રાણ હાનિરૂપ હિંસા કર્યા વગર પણ તથા પ્રકારના હિંસાનાં પરિણામથી હિંસા દોષનાં ફળને પામે છે, અને અન્ય કોઇ શુભાશય જીવથી, હિંસા સંબંધી તેવા કિલષ્ટ પરિણામને અભાવે કવચિત્ કોઇ જીવ હિંસા સાક્ષાત્ થઇ ગયા છતાં તેને તે થયેલી ( સાક્ષાત્ ) હિંસા સંબંધી દોષનું ફળ ભોગવવું પડે નહિ. વળી તીવ્ર કષાય યુકત કરેલી થોડી હિંસા પણ તેના કરનારને પરિણામ કાળે ઘણું માઠું ફળ આપે છે, ત્યારે મંદ કષાય પરિણામથી કરેલી ( થયેલી ) મહા હિંસા પણ તેના કરનારને ઉદય ( વિપાક૦) સમયે અલ્પ માત્ર ફળ આપી વિરમે છે. વળી સાથે જ કરાયેલી એક જ જાતની હિંસા વિપાક કાળે એકને તેના તીવ્ર કષાય પરિણામથી આકરૂં ફળ આપે છે, ત્યારે બીજાને મંદ કષાય પરિણામના કારણથી મંદ ફળ આપે છે. કોઇને કિલષ્ટ પરિણામ હોવાથી હિંસા નહિ કર્યા છતાં ( ફકત તેવી તક નહિ મળ્યાથી ) તે હિંસા પ્રથમથી જ ફળે છે, કોઇને ઉકત હિંસા કરી છતી જ ફળે છે-ફળ આપે છે, અને કોઇ ઉકત હિંસા કરવાનો આરંભ માત્ર કર્યા છતાં તે હિંસા સાક્ષાત કર્યા વગર પણ તેના કષાય પરિણામ પ્રમાણે ફળ આપે છે. મતલબ કે હિંસા તેના કરનારના તીવ્રાદિક કષાય પરિણામાનુસારે તીવ્રાદિક ફળ આપે છે. કોઈ એક જ જણ જીવ હિંસા કરે છે છતાં ઉકત હિંસાનું અનુમોદન કરતાં ઘણાએક તે હિંસાના ફળભાગી થાય છે, તેમજ વળી ઘણા એક ( સુભટાદિકો ) હિંસા કરે છે, ત્યારે તે સર્વ હિંસાનું ફળ ( હાર, જીત વિગેરે હિંસા કરવાનો હુકમ આપનાર રાજા પોતે જ ભોગવે છે. કોઈ એક જીવ મલીન અધ્યવસાયથી અન્યને મારવા જતાં તેના પુન્ય પ્રાબલ્યથી બૂરૂં ( ભૂંડું ) કરવા જતાં ઉલટું તેનું ભલું જ થઇ જાય છે, પણ હિંસા કરવા જનારને તો તેના માઠા ( કિલષ્ટ ) પરિણામથી હિંસાનું માઠું જ ફળ ઉદયકાળે મળે તેમાં કાંઈ સંશય નથી. એટલે કે હિંસા કરનારને કેવળ હિંસાનું જ ફળ મળે છે, ત્યારે બીજાને એજ હિંસા સમયે ઉત્તમ ક્ષમાદિક પરમ અહિંસક ભાવ ઉલ્લસ્યાથી વિશાળ અહિંસા ( પરમદયા ) જન્મ મોક્ષ પર્યન્ત ફળની પ્રાપ્તિ થઇ શકે છે. કોઈ એકને હિંસા શુદ્ધ પરિણામથી અહિંસા ફળને આપે છે-અર્થાત સર્વજ્ઞ વચનાનુસારે વર્તનાર શ્રાવકોને શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મ અને સાધર્મી જનોની નિઃસ્વાર્થ સેવા ભકિત કરતાં ઉદાર આશય યોગે જયણા સહિત સદારંભ પ્રસંગે સચિત્ત પુષ્પ જળાદિ વાપરતાં તેમાં તેની દેખીતી હિંસા થયા છતાં વિતરાગ પ્રભુના વચનાનુસારે સંયમ માર્ગને પાલતા, અને ગ્રામાનુગામ વિહાર કરતા માર્ગમાં આવતી નદી પ્રમુખને નિરૂપાયપણે ઉતરતા-નિગ્રંથ મુનીરાજની પેરે તે તે જીવોપર પરમ કરૂણા બુદ્ધિ વર્તતી હોવાથી પરિણામે [ સરવાળે ] હિંસાદોષ લાગતો નથી. પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરેરાસ અહિંસા યા દયાનું જ ફળ મળે છે, તેમજ કોઈ રોગીને હિત બુદ્ધિથી ઔષધ ઉપચાર કરતાં દૈવયોગે તે રોગીનું મરણ નિપજે તો પણ વૈદ્યને હિત બુદ્ધિથી હિંસાનું નહિ પણ અહિંસા યા દયાનું ફળ પ્રાપ્ત થાય છે.

છેવટે શાસ્ત્રકાર જણાવે છે કે ઉકત હિંસાના અનેક ભેદો હોવાથી તે સઘળા ભેદો નયજ્ઞાનના નિધાનરૂપ સ્યાદ્વાદી ગુરૂ સમીપે સાદર સમજી લેવા યોગ્ય છે. હિંસાના સઘળા ભેદ શુદ્ધ ગુરૂગમ્ય જાણનાર ભવ્યાત્મા ખરેખર અહિંસાના નિર્ભય અને સુખદાયી માર્ગને દ્રઢ પ્રતીતિ પૂર્વક સેવી આદરી શકે છે. **સ્વરૂપ, હેતુ** અને **અનુબંધ, દ્રવ્ય** અને **ભાવ** તેમજ **નિશ્ચય** અને **વ્યવહાર** તથા **સ્વ** અને પર સંબંધી હિંસા તેમજ અહિંસાના ભેદો પાડી શકાય છે, જેટલા પ્રકાર હિંસાનાં તેટલા બધાય પ્રકાર અહિંસા યા દયાનાં હોઇ શકે છે. બાહ્ય દેખાવરૂપે થાય તે **સ્વરૂપ હેતુ સાધ્ય** થાય તે **હેતુ**; અને સરેરાશ પરિણામરૂપે નિપજે તે **અનુબંધ**; દ્રવ્ય પ્રાણને લક્ષી થાય તે **દ્રવ્ય**; અને ભાવ પ્રાણને લક્ષી થાય તે **ભાવ**; તેમજ નિજ આત્માને લક્ષી થાય તે **સ્વ**; અને પર આત્માને લક્ષી થાય તે પર **હિંસા** કે **અહિંસા** લેખી શકાય. પ્રથમ વિસ્તારથી જણાવેલા આસયો ઠીક ઠીક સમજી લેવાશે તો ઉપરના ભેદો સુસ્પષ્ટ ખ્યાલમાં આવશે. આ લેખમાંથી મુખ્ય શારાંશ લેવા યોગ્ય એ છે કે જેમ બને તેમ સુખશીલતા તજી વિષયાશક્તિ અને કષાયાદિકને વશ થયા વગર નિજ આત્મ નિગ્રહ કરીને નિર્મળ આશય સાથે ઉદાત્ત ભાવનાથી સહુ કોઇ જીવોને નિજ આત્મા તુલ્ય લેખી સમભાવે વ્યવવારમાં જ સર્વ પ્રકારે સુખ શાન્તિ ને સ્વપરહિત સમાયેલું છે. એવા જ ઉદાર આશયથી સદા સર્વદા ઇચ્છવા યોગ્ય છે કે "જગતવર્તી સહુ પ્રાણીઓને સુખ શાન્તી હો ! સહુ કોઇ પ્રાણીવર્ગ પરોપકાર રસીક બનો ? દોષ માત્ર વિલય પામો ? અને લોકો સર્વત્ર સુખી સુખી થાઓ ! ! !"

વળી આવા અતિ પવિત્ર હેતુથી જ સહુ કોઇ સત્ય સુખાર્થી જનોએ મૈત્રી પ્રમુખ ઉદાર ભાવનાઓનો આશ્રય કર્તવ્ય છે. પરહિત ચિન્તવન તે **મૈત્રીભાવના**, પરદુઃખ દૂર કરવા અનુકૂળ વ્યાપાર તે **કરૂણાભાવના**, પરસુખ સમૃદ્ધિ અને ગુણ–ગૌરવ દેખીને તેમજ સાંભળીને સંતુષ્ટ થવું તે **પ્રમોદભાવના** અને અન્યના અનિવાર્ય દોષો સુધરી ન શકે એવી સ્થિતિમાં જણાય ત્યારે તેને કર્મવશ સમજી, રાગદ્વેષથી દૂર રહી, સ્વ કર્તવ્યમાં સાવધાન રહેવું તે **મધ્યસ્થભાવના** યા ઉપેક્ષા ભાવના કહેવાય, એમ સહુ કોઇ સજ્જનોએ ઉકત ઉત્તમ ભાવના સદા સર્વદા સેવવા–આદરવા યોગ્ય છે.

ઇતિશમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અઢાર પાપસ્થાનક ચાલુ.

## " દ્વેષ " પાપસ્થાનક અગીયારમું

લેખક—દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા વળા.

( શાન્તિ પ્રભુજી સુખદાતા ત્રાતા તારો મને રે )એ રાગ.

ધરવું નહિ પાપસ્થાન અગ્યારમું કુડુ મનેરેઃ
દ્વેષ તજો દુઃખકારી રે, અદ્વેષ શિવસુખ કારી રે;
સુખ દુઃખ સહુ કર્મે થાતા અનર્થ દંડ સપડાતા,
દ્વેષી કર્મે બંધાતા ભવ અટવીમાં ભમે રે— ધરવું૦ ૧

દોષ બેંતાલીશ ટાળી રે, આહાર એષણા પાળીરે
જો દ્વેષ હૃદયમાં આવે, ધુમ્ર દોષ શામતા થાવે,
કુરગુડુ પરે સમચિત્ત રાખી મુનિ નિર્દોષે જમે રે. ધરવું૦ ૨

પ્રથમાંગ યોગ્ અદ્વેષરે, સાધન સુર્લભ સુવિશેષરે
તપ જપ કિરિયા વ્રત કરતા મુનિ ઉગ્ર વિહારે ફરતા,
તે દ્વેષને ધારણ કરતા શાશ્વત સુખ વમેરે. ધરવું૦ ૩

નિર્ગુણી ગુણ ન જાણેરે, ગુણાર્થ દોષમાં તાણેરે;
ચારિત્ર ગુણ ધર્મ ગુણ સમતા દ્વેષી સરવે સુખ વમતા.
અન્યાય અતિ મન ધરતા કષ્ટો વેઠે તનેરે. ધરવું૦ ૪

ગુણિયલને ગૂણ રાગીરે, કીર્તિ જગમાં તસ જાગીરે;
ગુણ ગ્રહવા રાગને ધરતા આત્મવત સહુને ગણતા,
સમચિત્ત નિર્ગુણીપર ધરતા દુષ્કર્મોને દમેરે. ધરવું૦ ૫

સહે અગ્નિ હેમ ટીપાશેરે, ઉત્તમના ગુણ પ્રકાશેરે;
જે તત્ત્વ રમણમાં રમતા મન મન્દિર કાયમ સમતા,
" દુર્લભ " સંસાર ઉદ્ધરતા કીર્તિ કોટિ ગમેરે. ધરવું૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવદયા સંબંધી સૂચના,

## ખોરાક માટે હિંદુસ્તાનમાં જાનવરો ઉપર ગુજરતું ઘાતકીપણું.

**મે. એડીટર સાહેબ,**

સવિનય વિનંતિ કે;—મનુષ્યના ખોરાક માટે જાનવરોની કતલ થવાથી તેઓની ઉપર કમકમાટ ઉપજે તેવું ઘાતકીપણું ગુજરે છે તેનું દીગદર્શન દયાળુ ઇંગ્રેજ બાનુઓ અને ગૃહસ્થોએ કરાવેલું હોવાથી તેના પરિણામમાં ઇંગલંડમાં દયાળુ મંડળીઓ સ્થાપાવવા લાગી છે કે જેઓ આવું ઘાતકીપણું અટકાવવા માટે કાયદાઓ પસાર કરાવવાનો યત્ન કરે છે.

આપના જાણીતા પત્રના દયાળુ વાંચનારાઓ કે જેઓએ હિંદુસ્થાનના કોઈ પણ ભાગમાં રેલવે ટ્રેનોમાં. વહાણોમાં, બજારમાં અને કસાઇખાનાઓમાં જાનવરો પ્રત્યે કોઇપણ પ્રકારની ઘાતકી વર્તણુંક જોયલી હોય તેને હું અરજ કરૂં છું કે જો તેઓ તે વિષે મને લખી જણાવવાની મહેરબાની કરશે તો તેવા સઘળા અભિપ્રાયો મને મળ્યા બાદ તે પ્રસિદ્ધ કરી આવાં ઘાતકીપણાંઓ પોતાથી બની શકે તેટલા પ્રમાણમાં ઓછાં કરવાની મહેરબાની કરવા માટે તેનું એક પુસ્તક હું નામદાર યુરોપીયન અમલદારો તથા દેશી રાજકર્તાઓની હજુર રજૂ કરવા ઇરાદો રાખું છું.

બીચારાં લાખો ગરીબ, મુંગા, નિરાધાર અને નિર્દોષ પ્રાણીઓ કે જેઓને આ દેશમાં વિના વાંકે ત્રાસદાયક ઘાતકીપણાં સહન કરવાં પડે છે તેમાંથી તેને બચાવી લેવાની આ એક પરોપકારી બાબત હોવાથી આપના પત્રના દયાળુ વાંચનાર ગ્રહસ્થો મ્હારી નમ્ર વિનંતિ ઉપર ધ્યાન આપવાની મહેરબાની કરે એવી હું તેઓને પ્રાર્થના કરૂં છું.

શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ<br>ઓફીસ.<br>૩૦૯, શરાફ બજાર, મુંબઇ નં૦ ૨<br>તા૦ ૧-૧૨-૧૯૧૪

સેવક,<br>**લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી.**<br>**ઓનરરી મેનેજર**

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થમાં યાત્રાળુ માટે ધર્મશાળાની સગવડની જરૂર.

**શ્રી ૧૧**

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ**

**ૐ નમઃ સિદ્ધિ સામ્રાજ્ય, સૌખ્ય સંતાન દાયિને,**<br>**ત્રૈલોક્ય પુજિતાય શ્રી, પાર્શ્વનાથાય તાયિને.**

મહાન અર્વાચીન શ્રી શંખેશ્વર તીર્થ જેનો પ્રભાવ જૈન આગમમાં અવર્ણનીય છે જેની અંદર અદ્ભુત અલૌકીક ચમત્કારીક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી બીરાજમાન છે જે પ્રતિમા ગઇ ચોવીસીમાં આઠમા તીર્થંકર દામોદર સ્વામીના વખતમાં આષાઢી શ્રાવકે સુવિહીત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય પાસે અંજન શલાકા કરાવી સ્થાપીત કરી હતી, અને જે અસંખ્યાતા વર્ષો સુધી સુર્ય અને ભુવનપતીના વીમાનમાં દેવતાઓથી પુજાઇ હતી તે હાલમાં હસ્તી ધરાવે છે, જેમનું સ્મરણ હાલના પંચમકાલમાં કલ્પવેલ, કલ્પદ્રુમ અને ચીંતામણી સમાન છે. અને ભકતોની ભીડ ભાંગનાર છે તે શંખેશ્વર તિર્થ જાત્રાળુઓને જવાને માટે મેસાણાથી હારીજ લાઇન જાય છે ત્યાંથી આઠ ગાઉ પર રસ્તો છે ત્યાં ભાડાની બેલગાડીઓ હંમેશાં હાજર હોય છે અને અવાર નવાર કાયમ જાત્રાળુ આવ જા કરે છે અને જયાં થોડા વખતમાં રેલવે થવા સંભવ છે જેની કોશીશ રાધનપુર રાજ્ય કરે છે.

સદરહુ તિર્થમાં દર વરસે બે મોટા જાત્રાળુઓના મેળા દર કારતીક અને ચૈત્રી પુનમના ભરાય છે જે મેળામાં પાંચ દીવસ સુધી જાત્રાળુઓ રહે છે અને રાંધનપુર તથા પાટણ વીગેરે બીજા શહેરો અને ગામડાઓમાંથી લગભગ ૬ થી ૭ હજાર માણસો ભેગું થાય છે તે વખતે જાત્રાળુઓને ઊતરવાને માટે હાલમાં પુરતી સગવડ નહીં હોવાથી અને હાલની ધર્મશાળા પડી જવાથી ત્યાં સારી મોટી એક ધર્મશાળાની જરૂર હોવાથી નીચે બતાવેલા માપ પ્રમાણે એક સો ઓરડાવાળી નવી ધર્મશાળા બાંધવાનું કામ શરૂ કરવામાં આવેલ છે ( ૧૨+૧૦ ઓરડો, ૧૦+૧૦ રસોડું, ૮+૧૦ ઓસરી ) ઉપર બતાવેલું માપ એક ઓરડાનું છે તેવી રીતના સો ઓરડા બાંધવાના છે.

જે મહાન કાર્યમાં શેઠ મનસુખભાઇ ભગુભાઇ તથા શેઠ વીરચંદ દીપચંદ તથા શેઠ મોતીલાલ મુળજી તરફથી સારી મદદ મળેલ છે અને લગભગ ૫૫ ઓરડા અપાઇ ગયા છે બાકી ૪૫ ઓરડાઓ છે. જે સદ્ગૃસ્થ રૂા ૫૦૧ ) દરેક ઓરડાના આપશે તેમના નામનું બોર્ડ તે ઓરડા ઉપર લગાડવામાં આવશે તો અમારી એટલી નમ્ર વિનંતી છે કે આ અમુલ્ય તકનો લાભ લેવા સદ્ગૃહસ્થો ચુકશે નહીં એવી આશા છે.

**સૂચના:**—જે સદ્ગૃહસ્થોને ઓરડા રાખવા વિચાર હોય તેમણે શેઠ મોતીલાલ મુળજી ઠે. કાલબા દેવી રોડ પોસ્ટ નંબર ૨ ના સરનામે લખી જણાવવા તસ્દી લેશો.

લી૦ સંઘનો સેવક મણીલાલ મોતીલાલના
જયજીનેંદ્ર.

# મુનિમહારાજાઓને વિનંતિ.

**શ્રી આત્માનંદ પ્રકાશના મેહેરબાન મેનેજર સાહેબ.**

તા. ૨૭–૧–૧૫

**મુ. ભાવનગર**

નીચે લખેલો લેખ આપના આત્માનંદ પ્રકાશ માસીક પત્રમાં છાપવા મહેરબાની કરશો.

અમને જણાવતાં અત્યંત દીલગીરી થાય છે કે આ પવિત્ર વીર ભગવાનના શાસન ધુરંધર આચાર્યો ઉપાધ્યાયો વગેરે પદસ્થ મુનિમહારાજાઓ હોવા છતાં તેમનો વિહાર પ્રાયે મોટાં તિર્થો તરફ અને શહેરો તરફ થતો હોવાથી અમારા જૈન ભાઇઓની વારંવાર આ પુજ્ય મુનિમહારાજાઓને વિનંતી કરવા છતાં અમારી આશા ફળીભૂત થઇ શકતી નથી માટે અમારી તરફનાં ઘણાં ગામો મુનિઓના વિહાર અને ઉપદેશ વિના બગડી જઇને શ્રાવકો જૈન ધર્મ છોડી

For Private And Personal Use Only

અનેક વૈશ્નવો અને બ્રાહ્મણો સન્યાસી વગેરે અન્ય ધર્મી થઇ જાય છે માટે જો અમારા દેશ તરફનાં ગામો સુધારવા તથા શાસન ઉન્નતિ કરવા ઇચ્છા હોય તો આ તરફ વિહાર કરી અમને ઉપદેશ આપી અમને તારવા ઉદ્યમ કરશો એવી અમારી આશા છે. બીજું અત્રે હમણાં મુનિ-મહારાજાઓ વિહાર કરી આ તરફ આવે છે પણ વિનંતી વારંવાર કરવા છતાં અમારી ઇચ્છા પાર પડતી નથી તેવીજ રીતે કચ્છ મારવાડ મેવાડ માળવા પંજાબ પુર્વ તથા દક્ષિણ દેશનાં ઘણાં ગામડાં બગડી જાય છે. માટે તે તે દેશોનાં ગામો સુધારી અમારા પંચમહાલમાં ગોધરા દાહોદ વેજલપુર વગેરેમાં વિચરી આભારી કરશો. વળી ઘણા મુનિમહારાજાઓ ગુજરાત કાઠીઆવાડનાં જ માત્ર મોટાં શહેરો તથા તીર્થોમાં જ વિચરે છે. રહે છે ને તેથી તેઓ જોઇએ તેટલું પરતું કાંઇપણ હીત કરી શકતા નથી, જેથી વિનંતિ છે કે અમારી આ વિનંતિ ઉપર ધ્યાન આપશો. એજ

લી. અત્રેના સંઘ તરફથી.
**વાડીલાલ મગનલાલ.**
**લલ્લુભાઇ મોતીચંદ.**
**દેવચંદ ગોવીંદજી.**

# વર્તમાન સમાચાર.

## રતલામમાં થયેલ અપૂર્વ ધાર્મિક કાર્યો.

**प्रिय बांधवो हमारे पुर्ण भाग्योदयसे इस वर्षमें प्रातः स्मरणीय पुज्य-पाद श्री मुनीहंसविजयजी माहाराज तथा पंन्यासजी श्री संपत्वीजयजी माहाराज आदी मुनिराजोका चतुर्मास हुआ मुनि चतुर्मास क्या हुवा मानो हमलोको को रत्नमालही मिलगई मालाके मध्यमें रहेहुये नायक ( श्री मुनि-हंसविजयजी महाराज ) ने ऐसा प्रकाश फेलाया कि जीसके फेलतेहि हमारे कइ जन्मोके अज्ञान अंधकार नष्ट हो गयेहि है कारणकि इस नायक के प्रकाशसे कच्छ, गुजरात, मेवाड, मारवाड, पञ्जाब, दक्षिण ओर मालवादि अनेक देशोके मनुष्य पुर्ण परीचित है उक्त मुनिराजके पधारनेसे चतुर्मासमें अनेक प्रकारके शुभकार्य होते रहे जीनको हम शुभ कार्य रुप मंदिर समजते रहे परन्तु उसपर कलशारोहण कि कमीथी मार्गशीर्ष वदी ( गुजराती कार्तिक वदी ) ६ के रोजसे उपधानकी क्रीया शुरुहुइ जीससे विश्वास हो गया कि-इस क्रियाकी पुरती तक जीतने महोत्सवादी कार्य्यहोगें सो स्वर्ण कलशके स्थापना पत्र रहेगें अन्ततः यहि हुवा वडे उत्साहसें कइ मनुष्योने पंन्यासजी माराजसे उपधानकी क्रीया की तथा माघ वदी १३ ( गुजराती पोष वदी १३ ) के दीनसे बडे भारी जलसोके साथ अठाइमहोत्सवका प्रारंभ हुवा**

समवसरणनी हायत जमदा तोरपर बना हुवाथा रतलामनीवासीयो के लीये यह प्रथम हि प्रसंग हाथ आयाथा अतः खुशीका पारावार नही रहाथा. माघ शुदी ४ के दीन बडे समारोह के साथ वरघोडा नीकला. इसके बाद माघ शुदी (५) पञ्चमोका दिन आया यह दीन मालारोपण पंन्यास पद प्रदान बडी दीक्षा तथा बडी दीक्षामें प्रवेश इनचार अत्यंत शुभ कार्योंका (कालस मवायके हीसावसें) उत्पादक था. प्रातकालसे हि उत्साही श्रावकोने समवसरणको एक तरफ मुनि माहाराजोके बेठनेके लीये पाट बगेरे लगादीयेथे कुछ कालके बाद माहाराज साहेब पधारे और मुनी श्री सोहन वीजयजी माहाराजको पंन्यास पदवी की क्रीया कराइगइ साथ में ही मुनी गंभीरवीजयजी तथा लब्धिविजयजी का बडी दीक्षाकी क्रीया कराते है और बीचमें माला रोपणकी क्रीया भी पन्यासजी माहाराज मधुरस्वरसे कराते रहे बडी धामधुम सें पंन्यासपदवी दीगइ उसके बाद मुनी गंभीर विजयजी तथा लब्धिविजयजी को बडी दीक्षा देकर उपधान वालो कों माला पहीनाइ गइ उत्सवपर बाहीर के भी भाइ आये हुवेथे महोत्सवकी खुशी यहांतक भरगइके यहांके दोनी न श्रावकोने माहाराज साहेबके उपदेशसे चांदीका समवसरण बनाना स्वीकार कीया है इस जलसेकी खुशीमें श्री आत्मानंद जैन पाठशालाके बालको को इनाममें पीले साफे बाटे गये और कन्याशालाकी लडकीयोंको ओढनी येंदी गइ तात्पर्य ऐसा महोत्सव उपर भरमें नही देखागया इस समयपर ज्ञान खातेमें जो रुपइये. इखट्ठे हुवे हे उसके पुस्तक छपाके मुफ्त भंडारो व लायब्रेरीयो में भेजी जावे गी हरएक मुनि महाराजोसे प्रार्थना हेकी ऐसे देशोमें फिरकरके धर्मोद्योत करे.

इतीशुभम्—

## શ્રીજૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું નવમું અધિવેશન.

### ( નવમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ. )

સર્વને વિદિત છે કે જનસમાજના કર્તવ્યનું મહા તેજ ઉત્સાહથી એકત્ર થયેલા સમાજમાંજ થાય છે. વ્યકિત કરતાં સમષ્ટિ પ્રજાનું બળ અલૌકિક છે. જૈન સમુદાયની ધર્મ લક્ષ્મી અને કર્તવ્ય લક્ષ્મીનો પ્રત્યક્ષ અનુભવ કરવો હોય તો સોત્સાહ હૃદયવાળા અનેક મનુષ્યના સમુદાયથી તે સારી રીતે થઇ શકે છે એ અનુભવ પૃથક જનના દર્શનથી નથી થતો પણ સાધર્મી બંધુત્વની ભાવના ધારણ કરનારા સમસ્ત જનના પ્રતિનિધિઓના સમવાયના દર્શનથી થાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉત્તમ અનુભવ કરવાનો સમય આઠ વખત જૈન પ્રજાએ મેળવ્યો છે. પરંતુ કોમના અંદર અંદરના કંકાસ–ઇર્ષા વગેરેને લઇને જૈનોનો ઉદ્ધાર કરનારી આ મહાન સંસ્થાને ઘોર નિદ્રામાં સુવાડી દીધી હતી, સારા ભાગ્યે કેટલેક અંશે તટસ્થપણું રહેવાથી (જો કે તેના કેટલાક કાર્યવાહકો માન લોભી દરેક સ્થળે કીર્તિ મેળવવાના અભિલાષીઓએ. ગમે તે વ્યકિત પછી તે આ કાર્ય માટે સમત્ત હોય કે અસમત્ત હોય પણ તેને હાહા પાડનારાના હથીયાર બની જાય તો કુસંપના બીજ રોપાય તેમાં શું નવાઇ) છતાં છેવટે જે વસ્તુ સાચી હોય તે સત્ય રૂપે બહાર આવી જૈન કોમના સારા ભાગ્યે અને વર્તમાન કાલે કંઈક મદદ કરવાથી અને સમાજનું હિત કોનફરન્સ દ્વારાએજ થઈ શકશે એવી દૃઢ લાગણી જૈન સમુદાયમાં મોટે ભાગે હોવાથી તેના કેટલાક હિત ચિંતકો અને કાર્યવાહકોએ સમયને માન આપી બહુ બણગા નહિ ફૂકતાં, અતિ આડંબર નહી કરતાં ટુંક વખતમાં ઘણી લાંબી મુદતે એટલે કે ચાર વર્ષે છેવટે નવમું અધિવેશન (મેળાવડો) શ્રી મેવાડ–મારવાડ ભૂમિમાં સૂજાનગઢ શહેરમાં આખરે કર્યો છે.

જે દેશમાં અર્વાચીન કાળમાં અનેક વિદ્વાન જૈન મહાત્માઓ વિચર્યા છે, લાખો અને કરોડો રૂપૈયા ખરચી જ્યાં અનેક ગૃહસ્થોએ (જૈન બંધુઓએ) જૈન દેવાલયો બંધાવ્યા છે, અને જ્યાં વીર ભગવાનની અમૃતમય વાણીથી ગુંથાયેલા લખાયેલ અનેક ગ્રંથ સમૃદ્ધિ માટેનો ભારત દેશમાં પ્રથમ દાવો ધરાવે છે. એવા વીર ક્ષેત્ર ભૂમિ મેવાડના સૂજાનગઢ શહેરમાં અને વળી દેવાધિદેવના પ્રતિષ્ઠા સાથે આ મહાન મેળાવડો કરવામાં આવ્યો છે. તે તેની ચીરંજીવી પણાની અને જૈન સમાજના ઉદ્ધારની નિશાની સૂચવે છે. આ નવમાં અધિવેશનને માટે થયેલ તાત્કાળીક ઓચિંતાની તૈયારી માટે કેટલાક જૈનોને હસવા સરખું લાગશે પણ તેના ખરેખરા હિતચિંતકોએ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવને માન આપીને તેમ કર્યું હોય તો તે બનવાજોગ અને યોગ્ય છે.

વિશેષમાં પૂજ્યપાદ શ્રીમદ્વિજયાનંદસૂરિશ્વરજી (આત્મારામજી મહારાજ) ના પ્રશિષ્ય મુનિરાજ શ્રી લબ્ધિવિજયજીના સદુપદેશ નિમિત્ત પણ આ મેળાવડા માટે બનેલ છે જે અધિક ખુશી થવા જેવું છે.

પ્રથમ આ મેળાવડા માટે શેઠ પનેચંદજી સંઘિ રીસેપ્સન કમીટીના પ્રમુખ અને પુનમચંદજી સુબા તેમજ આનંદમલ લોઢા સેક્રેટરીઓ એઓના નામથી આ મંત્રણ પત્રિકા નીકળી હતી. આ નવમાં અધિવેશનના પ્રેસીડેન્ટ તરિકે શેઠ મોતીલાલભાઇ મૂળજી રાંધનપુરી નિવાસીની નીમનોક થયેલી જે આવકારદાયક છે. હાલ તેઓ ધંધાર્થે મુંબઇ રહેતા હોવાથી અને સ્વકમાઇથી સારૂં દ્રવ્ય મેળવેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી તેઓ કેળવણીના ખાશ હિમાયતી છે અને જૈન ધર્મના દ્રઢ રાગી હોવાથી તેવા અનેક કાર્યોમાં મોટી રકમોની કરેલ સખાવતને લઇને તેઓ આપણી કોમમાં સુપ્રસિદ્ધ છે. આવા નરરત્નની પ્રમુખ તકેની નિમણુંક ભવિષ્યની સારી આગાહી સૂચવે છે.

## આ નવમી કોનફરન્સમાં થયેલું કાર્યક્રમ.

તા, ૨૭ મી જાનેવારીના રોજ સુજાનગઢ ખાતે શેઠ મોતીલાલભાઇ મુળજીના પ્રમુખપણા નીચે શેઠ પનેચંદ સંઘીએ બંધાવેલા નવા દેરાસરના ચોકમાં ખાશ ઉભા કરેલા મંડપમાં જૈન શ્વેતાંબર કોનફરન્સની બેઠક મળી હતી. (જેનો સઘળો ખર્ચ પણ તેઓએ આપ્યો હતો. મંડપ હાજર રહેલાથી ચીકાર ભરાઇ ગયો હતો. સર્વ મળી સુમારે દોઢ હજાર ગ્રહસ્થોએ હાજરી આપી હતી સાથે મુનિ મહારાજ, સાધ્વી મહારાજ અને યતીએ હાજરી આપી શોભામાં વૃદ્ધિ કરી હતી.

પ્રથમ સેક્રેટરી સાવંત સુબા તરફથી મી. ગુલાબચંદજી ઢઢ્ઢાએ આમંત્રણ પત્રિકા વાચી સંભળાવી હતી. સભાપતિને લેવાને માટે ખાસ ડેપ્યુટેશન મોકલવામાં આવ્યું હતું. જેઓ આવી પહોચતાં તેઓશ્રીને હર્ષના પોકારોથી વધાવી લેવામાં આવ્યા હતા. શરૂઆતમા પાલીતાણા વગેરે મંડલીઓએ મંગલાચરણના ગીતો ગાયા હતા. ત્યારબાદ સ્વાગત કમીટીના પ્રમુખ શેઠ પુનમચંદ સંઘીએ આવકાર આપેલું ભાષણ કીધું હતું. જે ઘણા વર્તમાન પત્રોમાં આવી ગયેલ છે. સ્વાગત કમીટીના પ્રમુખનું ભાષણ ઘણુજ હર્ષદાયક અને હૃદયના ઉભરા સાથેનું લાગણીવાળું હતું. ત્યારબાદ શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા સાહેબે છ વર્ષ જેટલી ટુંક મુદતમાં 'કોનફરન્સે તીર્થ રક્ષા અને આશાતના બંધ કરવા માટે, જીવ દયાના પ્રચાર માટે અને કેળવણી માટે જે કાંઇ કર્યું છે તેનું દિગદર્શન કરાવી રીપોર્ટ વાંચી પસાર કરાવ્યો હતો, ત્યારબાદ પ્રમુખ તરીકે રા. રા. શેઠ મોતીલાલભાઇ મુળજીને મી. ગુલાબચંદજી ઢઢ્ઢાએ હાલની સ્થિતિને અંગે કેટલુંક બોલતાં તેમની દરખાસ્ત અને શેઠ કાનલજી લોઢા તેમજ લાલા ગંગારામજીના અનુમોદન સાથે ચુંટી કાઢવામાં આવ્યા જે હર્ષનાદના ગર્જારવ સાથે શેઠ મોતીલાલ મુળજીભાઇએ પ્રમુખસ્થાન લીધા બાદ પોતાનું પ્રમુખ તરિકેનું અસરકારક ભાષણ કર્યું હતું. જે ઘણા વર્તમાન પત્રોમાં આવી ગયેલ છે છતાં તેના ઉપરથી ઉપજતા વિચારો અત્ર રજુ કરવામાં આવે છે.

સભાપતિએ કરેલા ભાષણમાંથી કોન્ફરન્સને લગતા કાર્ય, ઉદ્દેશ અને કંઇક ઇતિહાસ ઉપરથી ઘણા પ્રકારનો પ્રકાશ પડે છે. સભાપતિના ભાષણમાં કોન્ફરન્સે અત્યાર સુધીમાં કરેલા કાર્યો જેવા કે, આબુ તીર્થની પવિત્રતા જળવાઇ રહેવા માટે અરજીયો કરી થતી આશાતના ટાળવાનો પ્રયાસ, જૈનના તહેવાર પળાવવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં આવેલો પ્રયાસ અને યુનીવર્સીટીના અભ્યાસ ક્રમમાં જૈન સાહિત્ય દાખલ કરવામાં મળેલી ફતેહ, જૈન ધર્મનું સાહિત્ય ખીલવવામાં, પુસ્તકાલયોનો જીર્ણોદ્ધાર કરવામાં અને જીવદયાનો પ્રચાર કરવામાં કરેલા પ્રયાસો વગેરેનું આપેલું વર્ણન કોન્ફરન્સે કરેલા કાર્યની નોંધ છે, જો કે ધીમે પગલે, ઘણી મહેનતે અને ઘણે ખરચે કરેલું યોગ્ય કાર્ય થયું છે. જે લોકો બોલે છે કે કોન્ફરન્સે કંઇ કર્યું નથી તેમણે આ વાત લક્ષમાં લેવા જેવી છે. આ કરતાં વધારે સારૂં કાર્ય કરવાને માટે, કોમની વધારે ઉન્નતિ કરવાને, કોન્ફરન્સના કાર્યનો મોટો સરવાળો જોવાને, કોમમાં ઐક્યતા અને કેળવણીની વૃદ્ધિ માટે પ્રયાસ કરવાનો છે. બંને પ્રકારની કેળવણી માટે સભાપતિના ભાષણમાં કરવામાં આવેલો ઇસારો ખરેખર યોગ્ય અને વર્તમાન સમયને અનુસરતો જ છે. સભાપતિએ કોન્ફરન્સની પ્રગતિમાં વિક્ષેપ, પરિષદ્ તરફ લોકરૂચી અને તેની આવશ્યકતા માટે જણાવેલા વિચારો અસ્થાને નથી પરંતુ વિચારણીય છે. કોન્ફરન્સ ઉપર આક્ષેપ મુકનારા માટે જે કહેવામાં આવ્યું છે તેમાં માત્ર એટલો જ વિચાર કરવાનો છે કે આવી સમાજથી શા શા લાભો થાય છે, સમૂહના બુદ્ધિ–લક્ષ્મી અને કાર્યબળથી કેવી કોમની પ્રગતિ થાય છે તેનાથી બીન અનુભવીઓ જ માત્ર આક્ષેપો કરી શકે? જો કે એટલું તેમાં વિચારણીય છે કે તેના મુખ્ય લીડરો–નાયકો-કાર્યવાહકો આત્મભોગ આપનારા હોવા જોઇએ. માત્ર માન--કીર્તિના લોભી કે આવી પરિષદ કે તેના કાર્ય માટે દિલસોઝી નહીં ધરાવનારા કે તેની જરૂરીયાત નહીં જોનારા તેના કાર્યને નહીં ઇચ્છનારાઓને હાજી હાજી કરનારા નહીં હોવા જોઇએ. અને જો તેમજ હોય તો આવી સમાજ કોમની પ્રગતિ ગમે ત્યારે પણ–હાલ કે ભવિષ્યમાં કરી શકે તેમાં નવાઇ નથી. હમેશાં જે સંસ્થા, સમાજ કે સમૂહમાં આત્મભોગ આપનારા અને માત્ર એકજ વિચાર કે કોમ–સમાજનું કલ્યાણ જ કેમ (ગમે તેટલા ભોગે) થાય તેવું મન વચન કાયાથી વર્ત્તનાર, કરનાર, પ્રયાસ કરનાર–કાર્ય કરનાર જે જે સમાજમાં હોય કે ઉત્પન્ન થાય તે તે સમાજની પ્રગતિ થાયતેમાં નવાઇ નથી.

સાર્વજનીક ઐક્યતા માટે, તેમજ તેના અંકુરો ફાલી સમાજમાં તેના ફળની પ્રાપ્તિ માટે, તેમજ જૈનોની જેટલી પ્રવૃત્તિ વેપારકળામાં છે તેટલી પ્રવૃત્તિ જ્ઞાન–કેળવણી તરફ નથી. વળી કેળવણી એ લોક તથા લોકોત્તર વાંચ્છિત ફળને આપનારી કલ્પલત્તા છે, જ્યાંસુધી ધાામક, આધ્યાત્મિક અને વ્યવહારિક–માનસિક કેળવણી રૂપી કલ્પલત્તાનું સેવન જૈનસમાજ પૂર્ણ રીતે કરશે નહીં, ત્યાંસુધી જૈન કોમની સાંસારિક તથા ધાર્મિક ઉન્નતિ થઇ શકશે નહીં. આવી સ્થિતિ હોવાથી બંને પ્રકારની કેળવણી માટે પ્રમુખે પોતાના ભાષણમાં જે જે જણાવ્યું છે, તે સત્યજ છે. દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ જોવાનો આસપાસ અને દુરનું વાતાવરણ દેખવાનો અને સર્વથા શ્રેષ્ટતા સંપાદન કરવાનો પાયો ઊંચી કેળવણીને જ આભારી છે. જેથી સ્થળે સ્થળે વિદ્યાલયો, બોર્ડીંગો વગેરે સ્થાપી જૈન બાળકોને–વિદ્યાર્થીઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સગવડ કરી આપવાની જે સૂચના પ્રમુખે કીધી છે તે આદરણીય છે. અને સાથે સ્ત્રી કેળવણી માટે સભાપતિએ કરેલું વિવેચન પણ લક્ષમાં લેવા જેવું છે.

જૈનોમાં નિરાધાર–ધંધા વગરના મનુષ્યોને આજીવિકા માટે જે હાડમારી ભોગવવી પડે છે, તેવા નિરૂદ્યમીઓને ધંધે લગાડવા માટેની જોગવાઈ કરી આપવાની પ્રમુખે વિવેચન કરેલી હકીકત જૈન બંધુઓએ ખાસ ધ્યાનમાં લઇ તેનો અમલ કરવાની જરૂર છે. જૈનોમાં મરણોની સંખ્યા બીજી કોમો કરતાં વધારે આવે છે, તેનું કારણ રહેવાની જગ્યાની અસગવડતા અને તંદુરસ્તીના નિયમોનો ભંગ છે, તેને માટે આ કોન્ફરન્સમાં લક્ષમાં લેવાયેલી હકીકત પ્રથમ દરજ્જે ઉપયોગી છે. સિવાય બીજા હાનિકારક રીવાજ જીર્ણોદ્ધાર વગેરે વગેરે ઉપયોગી વિષયો પ્રમુખના ભાષણમાં ચર્ચવામાં આવ્યા હતા.

આપણે છેવટે ઇચ્છીશું અને આશા રાખીશું કે આ મહાન પરિષદ્‌ના આવા પ્રયાસનું અને પ્રમુખના ભાષણનું શુભ પરિણામ આપણા કોમના ઉદય માટે હસ્તીમાં આવવા પામે અને જૈન કોમના લક્ષ્મીવાનો, વિદ્વાનો અને છેવટે આખો સમાજ તેનો અમલ જલદીથી કરે એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીશું. ત્યારબાદ નીચેના ઠરાવો રજુ થયા હતા અને તેના ઉપર જૂદા જૂદા વક્તાઓએ તે તે ઠરાવો વિષે વિવેચન કર્યું હતું.

## ૧ રાજનિષ્ઠા.

આ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ભારત સામ્રાટ પંચમ જ્યોર્જ પ્રત્યે અંતઃકરણ પૂર્વક પોતાની રાજનિષ્ઠા જાહેર કરે છે અને તેમના છત્ર નીચે ભારત રાજ્યની ઉંચ પંક્તિ, તેમજ હાલના ભયંકર યુદ્ધની શાંતિ હૃદયથી ઇચ્છે છે અને પ્રભુ પ્રત્યે પ્રાર્થે છે કે સર્વત્ર સુખ અને પ્રેમભાવ પ્રવર્તો.

## ૨ સહાનુભૂતી.

પોતાના પત્ની અને જ્યેષ્ઠ પુત્રના અકાળ અને ખેદકારક મરણોથી જે અસહ્ય દુઃખ નામદાર વાઇસરોય લોર્ડ હાર્ડીંગપર આવી પડયું છે તે માટે હીંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોમાં વસતા જૈન શ્વેતાંબરોનાં અત્રે મળેલા પ્રતીનિધિદ્વારા આ કોન્ફરન્સ સમગ્ર જૈન કોમનો શોક પ્રદાશત કરે છે અને સહાનુભૂતી દર્શાવે છે.

## ૩ જૈન તહેવારો.

હીંદમાં જૈનોની વસ્તી સારી સંખ્યામાં હોવાથી તેમજ વેપાર ધંધામાં જૈન કોમ પ્રથમ પંકિત ધરાવતી હોવાથી તેમના પવીત્ર પર્વ દીવસોમાંથી ઓછામાં ઓછા બે પર્વો જાહેર તહેવાર તરીકે મુંબઇ ઇલાકાની તથા બીજા ઇલાકાની સરકાર તરફથી સ્વીકારવામાં આવે એવી આ કોન્ફરન્સ આગ્રહ પૂર્વક માગણી કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૪ ધાર્મિક કેળવણી.

દરેક જૈને જૈન ધર્મનાં મૂળ તત્ત્વો અવશ્ય જાણવાં જોઇએ. પરંતુ પોતે જૈન હોવા છતાં પણ આપણાં કેટલાક ધર્મબંધુઓ પોતાના ઉચ્ચ ધર્મનાં મૂળ તત્ત્વોથી પણ અજ્ઞાત છે તે સ્થિતિ દૂર કરવા માટે તથા જૈન બાળક અને બાળકીઓમાં ધર્મ જ્ઞાનનો પ્રસાર કરવા માટે નીચેનાં પગલાં લેવા આ કોન્ફરન્સ ભાર દઇને આગ્રહ કરે છેઃ—

(૧) જે જે સ્થળે ધાર્મિક શાળા ન હોય તે તે સ્થળે ધર્મનાં તત્ત્વ તથા રહસ્યનું જ્ઞાન ફેલાવવા સ્થાનીક સંઘે ધાર્મિક શાળા ખોલવી.

(૨) જે જે સ્થળે ધાર્મિક શાળા હોય તે તે સ્થળના સંઘોએ તે શાળાને સારી વ્યવસ્થામાં મુકવા પ્રયત્ન કરવો.

(૩) ધાર્મિક શાળામાં એકજ જાતનો અભ્યાસક્રમ ચાલે તેવી વ્યવસ્થા કરવા જૈન એજ્યુકેશન બોરડે ગોઠવણ કરવી.

(૪) જે જે ધાર્મિક શાળામાં ફંડની સગવડ હોય તે તેના વ્યવસ્થાપકોએ સંસ્કૃત અને માગધી ભાષાનું શિક્ષણ શીખવવા તેમાં વ્યવસ્થા કરવી.

(૫) દરેક ધાર્મિક શાળા સાથે બને તો દરેક સ્થળના સંઘે પુસ્તકાલય રાખવા ગોઠવણ કરવી.

(૬) આવી શાળા માટે શિક્ષકો તૈયાર કરવા અર્થે જૈન યુવકોને ઉંચું સંસ્કૃત તેમજ ઉંડું ધાર્મિક જ્ઞાન આપવા પ્રબંધ કરવો.

## ૫ સામાન્ય કેળવણી.

આપણી સમગ્ર જૈન કોમમાં કોઈ પણ જૈન કેળવણીથી રહીત ન રહે તેવા હેતુથી આ કોન્ફરન્સ નીચે પ્રમાણે ભલામણ કરે છેઃ—

૧ દરેક જૈન માબાપે પોતાના પુત્ર તથા પુત્રીને વ્યવહારીક કેળવણી આપવી.

૨ દરેક સ્થળના આગેવાનોએ સ્થાનીક વિદ્યાર્થીઓને પુસ્તક ફ્રી વગેરે કેળવણીના સર્વ સાધનો પુરા પાડવાં.

૩ જૈન કોમના શ્રીમંતો તથા નેતાઓએ વિદ્યાના સાધનવાળા હીંદના મુખ્ય મુખ્ય શેહેરોમાં જૈન વિદ્યાર્થીને માટે બોર્ડીંગો ઉઘાડવી અને તેમાં ફ્રી બોર્ડરો રાખવાની ગોઠવણ કરવી.

૪ ઉંચી કેળવણી લેવા વીદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી ઉત્તેજન આપવાનું અને ખાસ કરીને જેઓ ગ્રેજ્યુએટ થયા હોય અને મદદને અભાવે વીશેષ અભ્યાસ કરતા અટકી પડતા હોય તેવાઓને માટે મોટી સ્કોલરશીપ આપવાનું કાર્ય જૈન શ્રીમંતો તથા જૈનોની જાહેર સંસ્થાઓએ ઉપાડી લેવું.

## ૬ વેપારી કેળવણી.

હીંદુસ્તાનની અરધી દોલત જૈનોના હાથમાંથી પસાર થાય છે એમ કહેવામાં આવે છે તેમજ જૈન કોમ વેપારમાં પ્રથમ પંક્તી ધરાવે છે તે છતાં પણ વેપારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણીના અભાવે જૈન કોમ વેપાર ધંધામાં દીવસે દીવસે બીજી કોમની સરખામણીમાં પછાત પડી જાય છે તેથી જૈન કોમ પોતાની અસલ પંક્તી પ્રાપ્ત કરી ટકાવી રાખે તેને માટે આ કોન્ફરન્સ નીચે પ્રમાણે ભલામણ કરે છેઃ—

( ૧ ) જૈન કોમના હાથમાં હાલ જે ધંધાઓ છે તે કાયમ રહે તેને માટે તે તે ધંધાના આગેવાનોએ પ્રયત્ન કરવા.

( ૨ ) કેળવણી લીધેલા જૈનોને જૈન વેપારીઓએ પોતાના ધંધામાં કુશળ બનાવી સામેલ કરવા પ્રયત્ન કરવા.

( ૩ ) દરેક જૈન વેપારીએ ખાસ કરીને પોતાના ધંધાને લગતી કેળણી બીજી કેળવણી સાથે પોતાની સંતતી તથા કુટુંબીઓને આપવાની કાળજી રાખવી.

( ૪ ) પોતાના વેપારની વૃદ્ધિ અર્થે પશ્ચીમના ધંધાદારીઓ પોતાનો વેપાર જે રીતે કરે છે અને ખીલવે છે તે જાણી તેનું અનુકરણ હીંદના વેપારના સંજોગોને ધ્યાનમાં રાખી કરવું.

( ૫ ) જૈન વીદ્યાર્થીઓ ઉંચ વેપારી કેળવણી લે તે તરફ તેમનું લક્ષ ખેંચવું; અને વેપારી કોલેજમાં તેઓ અભ્યાસ કરે તેને માટે ખાસ સ્કોલરશીપો સ્થાપવી.

( ૬ ) ઉંચ કેળવણી લેવી અતી મોંઘી હોવાથી જૈનોનો સામાન્ય વર્ગ સામાન્ય કેળવણી લઇ પોતાની આજીવીકા આબરૂસર ચલાવી શકે તેને માટે ખાસ દેશી નામું ઠામું શીખવવા સ્થળે સ્થળે તે શીખવાના વર્ગો જૈન શ્રીમંતોએ તથા જૈનોની જાહેર સંસ્થાએ ઉઘાડવાં.

## ૭ સ્ત્રી કેળવણી.

જૈન કોમમાં સ્ત્રી કેળવણીનો સર્વત્ર ફેલાવો કરવા માટે આ કોન્ફરન્સ નીચેની જરૂરીઆતો સ્વીકારે છેઃ—

( ૧ ) દરેક માબાપે પોતાની પુત્રીને લેખન, વાંચન તથા સામાન્ય ગણીતનું જ્ઞાન અવશ્ય આપવું.

( ૨ ) જે માબાપોથી બની શકે તેઓએ પોતાની પુત્રીને આધ્યાત્મિક અને ઉંચ શીક્ષણ આપવું અને પોતાની પુત્રી તેવું શીક્ષણ લઇ શકે તે માટે તેનાં લગ્ન તેની નાની ઉમરમાં નહી કરવાં.

( ૩ ) જૈનની વસ્તીવાળાં જે જે સ્થળે બાળાઓને અભ્યાસ કરવા માટે સાધન હોય તે તે સ્થળે સ્થાનીક આગેવાનોએ કન્યાશાળાઓ ખોલવી.

( ૪ ) ભરતગુંથણ તથા સામાન્ય જ્ઞાન મોટી ઉમરની સ્ત્રીઓ નવરાસને વખતે લઇ શકે તેને માટે બપોરના વખતમાં ચાલતા ખાસ વર્ગો સ્થળે સ્થળે ઉઘાડવાની વ્યવસ્થા કરવી.

( ૫ ) આવા ખાસ વર્ગોમાં આરોગ્ય વીદ્યાનાં મુળ તત્ત્વો, માંદાની માવજત તથા અકસ્માત વખતે લેવાના તાત્કાળીક ઉપાયોનું જ્ઞાન આપવા સંબંધે વીશેષ લક્ષ રાખવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૬ ) કન્યા તથા સ્ત્રી માટેની શાળા તથા વર્ગો માટે સ્ત્રી શીક્ષકો તૈયાર કરવાની ખાસ જરૂર હોવાથી જૈન સ્ત્રીઓએ અને ખાસ કરી વીધવાઓએ મોટા પ્રમાણમાં ફીમેલ ટ્રેનીંગ કોલેજમાં દાખલ થઇ અભ્યાસ કરવો અને આવી અભ્યાસ કરતી સ્ત્રીઓને જે જે પ્રકારની સગવડો જોઇએ તે કરી આપવી.

## ૮ સુકૃત ભંડાર ફંડ.

સુકૃત ભંડાર ફંડ કે જેમાં ભરેલા પૈસાનો ઉપયોગ કેળવણી તથા કોન્ફરન્સના નીભાવ માટે થાય છે અને જે ફંડની ઉપર કોન્ફરન્સની હૈયાતી તથા કોન્ફરન્સે ઉપાડેલાં દરેક કાર્યનો આધાર રહેલો છે તેવાં ફંડમાં દરેક સ્ત્રી પુરૂષે પ્રતીવર્ષે ઓછામાં ઓછા ચાર આના ભરવા એવો કોન્ફરન્સ દ્રઢતાથી આગ્રહ કરે છે.

( ૧ ) આ ફંડમાં અત્યાર સુધીમાં જે જે ગ્રહસ્થોએ પૈસા ભર્યા છે તેઓનો ઉપકાર કોન્ફરન્સ માને છે.

( ૨ ) જે જે સ્થળના સંઘોએ સંઘ દ્વારા આ ફંડ એકઠું કરી કોન્ફરન્સ ઓફીસ તરફ મોકલી આપેલ છે તે સંઘોના ઉપકાર માનવાની આ તક લે છે.

( ૩ ) દરેક સ્થળના સંઘને કોન્ફરન્સ ઓફીસ ઉપર સંવત ૧૯૭૧ ની સાલનું સુકૃત ભંડાર ફંડ એકઠું કરી જેમ બને તેમ જલદીથી મોકલી આપવા આ કોન્ફરન્સ વીનંતી કરે છે

## ૯ જૈન સાહિત્ય પ્રચાર.

જૈન સાહિત્ય વિશેષ પ્રગટ ન થવાથી જૈન ધર્મ સંબંધે જુદી જુદી ભ્રમણાઓ ફેલાયલી છે તે દુર કરવા જૈન સાહિત્યનો પ્રચાર સર્વાંગ કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે અને તેને માટે નીચેના પ્રયત્નો કરવા ભલામણ કરે છે.

હીંદુસ્તાનની જુદી જુદી યુનીવરસીટી ( વીશ્વવીદ્યાલય ) ના અભ્યાસ ક્રમમાં જે જે જૈન પુસ્તકો દાખલ કરવામાં આવ્યા હોય તે પુસ્તકો ટીકા તથા વિવેચન સહિત છપાવવાં.

( ૨ ) જે વિદ્યાર્થીઓ જૈન સાહિત્ય સ્વીકારી પોતાનો અભ્યાસ ચાલુ રાખે તેને સ્કોલરશીપો, ઇનામ વગેરે આપવાં.

( ૩ ) હીંદની જુદી જુદી જુદી યુનીવરસીટી ( વીશ્વવીદ્યાલય ) માં માગધી ભાષાને એક દ્વીતીય ભાષા તરીકે દાખલ કરાવવી.

( ૪ ) માગધી ભાષાનો અભ્યાસ સુલભ થાય તે માટે માગધી કોષ તૈયાર કરાવવો.

( ૫ ) વીધવીધ ભાષામાં જૈન સાહિત્યના પુસ્તકોના ભાષાંતર કરાવી છપાવવાં.

( ૬ ) પ્રાચીન જૈન ભંડારોના વ્યવસ્થાપકોએ તેવા ભંડારોમાં રહેલાં પુસ્તકોની સવીસ્તર ટીપ કરાવી પ્રસીદ્ધ કરવી, જે પુસ્તકો નષ્ટ થયા હોય અથવા જે અલભ્ય અને ઉપયોગી હોય તેવા પુસ્તકો ફરીથી લખાવવા યા છપાવવા અને તે તે ભંડારોના પુસ્તકોનો લાભ જૈન સમુદાય લઇ શકે તેવી યોગ્ય ગોઠવણ કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૦ બંધારણ.

કોન્ફરન્સના બંધારણમાં સુધારો વધારો કરવા માટે ગ્રહસ્થોની કમીટી ( મેમ્બરો વધારવાની સત્તા સાથે) નીમવી અને ઠરાવે છે કે તે કમીટીએ પોતાનો રીપોર્ટ જનરલ સેક્રેટરી ઉપર છ માસની અંદર મોકલાવી આપવો અને જનરલ સેક્રેટરીએ તે રીપોર્ટ કોન્ફરન્સના જાહેર પત્રમાં પ્રસીધ કરવો અને તે ઉપર જે સુચના આવે તે સુચનાઓ તે સાથે આવતી કોન્ફરન્સમાં રજુ કરવી.

## ૧૧ જૈન કોમની સંખ્યામાં વધારો કરવા બાબત,

જૈન કોમની સંખ્યામાં વધારો કરવા તેમજ જૈન વસ્તીનું મરણ પ્રમાણ બીજી કોમની સરખામણીમાં વીશેષ હોવાથી તે ઓછું કરવા આ કોન્ફરન્સ નીચેના ઉપાયો સુચવે છેઃ—

( ૧ ) જેઓએ પોતાનો અસલ જૈન ધર્મ તજી બીજો ધર્મ અંગીકાર કર્યો હોય તેઓને જૈન ધર્મમાં પાછા દાખલ કરવા પ્રયત્ન કરવા.

( ૨ ) ઉંચ વરણોના આર્યો કે જેઓને જૈન ધર્મ ઉપર રૂચી હોય તેઓએ જૈન ધર્મમાં આપણાં પૂજ્ય મુનીમહારાજોની સંમતી લઇ દાખલ કરવા માટે પ્રયત્ન કરવા.

( ૩ ) આરોગ્યતાના નીયમોનું જ્ઞાન જૈન સમાજમાં બહોળા પ્રમાણમાં ફેલાવવું.

( ૪ ) ગીચ વસ્તીવાળાં મોટાં શહેરોમાં ગરીબ તેમજ મધ્યમ વરગના જૈનો માટે સસ્તાં ભાડાંની ચાલો બાંધવા માટે જૈન શ્રીમંતોનું લક્ષ ખેંચવું.

( ૫ ) જૈનોમાં મરણ પ્રમાણ વિશેષ છે તેનાં કારણો શોધવા તથા તે અટકાવવા માટે ઉપાયો સુચવવા. નીચેનાં ગૃહસ્થો ની મેંબર વધારવાની સત્તા સાથે) એક કમીટી આ કોન્ફરન્સ નીમે છે. ફક્ત કમીટી પોતાનો રીપોર્ટ છ માસમાં તૈયાર કરી હેરલ્ડમાં છપાવવા કોન્ફરન્સના જનરલ સેક્રેટરી ઉપર મોકલી આપવો અને તે જનરલ સેક્રેટરીએ સુચના સાથે તે રીપોર્ટ કોન્ફરન્સના આવતા અધીવેશનમાં યોગ્ય ઠરાવ માટે રજુ કરવો.

( ૧ ) ડાકટર નાનચંદ કસ્તુરચંદ મોદી L. M. & S.
( ૨ ) ડાકટર પુનશી હીરજી મઇશરી L. M. & S.
( ૩ ) ઝવેરી મોહનલાલ મગનભાઇ.
( ૪ ) શાહ નરોતમદાસ ભવાનદાસ

## ૧૨ અન્ય ઠરાવો.

આ કોન્ફરન્સ નીરાશ્રીતને આશ્રય આપવો, જીવદયા, હાનીકારક રીવાજો બંધ કરવા, સંપવૃદ્ધિ વગેરે પુર્વની કોન્ફરન્સોમાં થયેલા ઉપયોગી ઠરાવોપર જૈન સમાજનું લક્ષ ખેંચે છે અને તદનુસાર વર્તવા ભલામણ કરે છે.

ત્યારબાદ બિકાનેરના મહારાજાધિરાજનો, પ્રમુખ સાહેબ તથા શેઠ પનેચંદ સંઘિનો ઉપકાર માનવામાં આવ્યા બાદ આ મહાન્ પરિષદનું કાર્ય સમાપ્ત કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only